સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS




ભારત રત્ન 2019



ભારતમાં 70મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી



પદ્મ પુરસ્કાર 2019



રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન : પ્રથમ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડની જાહેરાત



PUBLIC GOOD OR PRIVATE WEALTH - OXFAM 2019 REPORT

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[JAN - 2019]
[20/01 to 26/01]

# WEEK-04

**CURRENT**

- આર્થિક રીતે નબળા વર્ગને 10 ટકા અનામતના અમલ માટેનું કેન્દ્ર સરકારનું જાહેરનામું
- K9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની L&Tની ફેક્ટરીનું લોકાપર્ણ
- 15મા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી
- ISROએ લોન્ચ કર્યો વિશ્વનો સૌથી હલ્કો સેટેલાઈટ કલામસેટ - V2
- 'પ્રથમ વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી
- ICC ક્રિકેટ એવોર્ડ 2018 : શ્રી વિરાટ કોહલીની વિશિષ્ટ સિદ્ધિ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**20 JANUARY, 2019 SUNDAY**

## ➤ K9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની L&Tની ફેક્ટરીનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ

19 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** ગુજરાતમાં સુરત પાસે આવેલા **હજીરા** ખાતેથી **L&T (લાર્સન એન્ડ ટુબ્રો)**ના **આર્મર્ડ્ સિસ્ટમ્સ કોમ્પ્લેક્સનું** લોકાર્પણ કર્યું છે.

- L&Tના આ આર્મર્ડ્ સિસ્ટમ્સ કોમ્પ્લેક્સમાં **K9 વજ્ર ટેન્ક** અથવા **તો K9 વજ્ર હોવિત્ઝર ટેન્કનું** નિર્માણ કરવામાં આવશે.

**K9 વજ્ર ટેન્કના નિર્માણ માટે L&T સાથેની ડીલ**

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા **રૂા. 4500** કરોડના ખર્ચે **100** K9 વજ્ર ટેન્કના નિર્માણ માટેનો કોન્ટ્રાકટ **L&T** ને આપવામાં આવ્યો છે.

- **'મેક ઈન ઈન્ડિયા'** પ્રોજેકટ અંતર્ગત ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપનીને અપાયેલો આ સૌથી મોટો પ્રથમ ડિફેન્સ કોન્ટ્રાકટ હોવાનું કહેવાય છે.
- આ ડીલ અનુસાર **દક્ષિણ કોરિયાની 'K9 Thunder'** નામની ટેન્કની તર્જ પર ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપની L&T દ્વારા ભારતમાં જ 100 K9 વજ્ર ટેન્કનું નિર્માણ કરવામાં આવશે.
- આ માટે **દક્ષિણ કોરિયાની Hanwha Corporation** નામની કંપની દ્વારા K9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની ટેક્નોલોજી L&T ને હસ્તાંતરિત કરવામાં આવી છે.
- આ અંતર્ગત ભારતમાં વજ્ર ટેન્કના નિર્માણ માટે ગુજરાતના હજીરા ખાતે **L&T** ના ઉપરોક્ત આર્મર્ડ્ સિસ્ટમ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ : (1)** જાન્યુઆરી, 2019 સુધીમાં ભારતીય આર્મીને કુલ **100**માંથી **10** K9 વજ્ર ટેન્ક અર્પણ કરવામાં આવી છે.

**(2)** બાકીની **90** K9 વજ્ર ટેન્ક **ઓક્ટોબર 2020** સુધીમાં ભારતીય સેનાને સમર્પિત કરવામાં આવશે.



## K9 વજ્ર હોવિત્ઝર ટેન્કની વિશેષતા

K9 વજ્ર હોવિત્ઝર ટેન્કની મુખ્ય વિશેષતા આ પ્રમાણે છે.

(1) **K9 વજ્ર ટેન્ક** એ **સ્વદેશી બનાવટ**ની **ઓટોમેટિક હોવિત્ઝર ટેન્ક** છે. **'મેક ઈન ઈન્ડિયા'** પ્રોજેક્ટ હેઠળ **L&T** દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. **ભારતની ખાનગી કંપની** દ્વારા તૈયાર થયેલી આ **ભારતની પ્રથમ ટેન્ક** છે.

(2) **50 ટન** વજન ધરાવતી આ ટેન્ક પ્રતિ કલાક **65 થી 70 કિમી**ની ઝડપથી દોડી શકે છે. તથા કોઈ પણ ઝડપે **શૂન્ય રેડિયસમાં** (એટલે કે વધારાની જગ્યા વિના) **360 ડિગ્રી ટર્ન** લઈ શકે છે.

(3) તે 1 મિનિટમાં **47 કિલોગ્રામ**ના એક એવા આશરે છ સેલ ફાયર કરી શકે છે. માત્ર ત્રણ મિનિટમાં આશરે 16 થી 18 સેલ ફાયર કરવાની તેની ક્ષમતા છે. આ ઉપરાંત આ રીતે ફાયર થયેલા ગોળાને તેના મૂળ લક્ષ્યથી 10 મીટર સુધી વાળી શકાય તેવી ટેક્નોલોજી પણ તેમાં છે.

(4) આ ઓટોમેટિક ટેન્ક આશરે **43 કિલો મીટર** સુધીનું લક્ષ્ય સચોટ રીતે ભેદી શકે છે.

(5) આ ટેન્કને સામાન્ય જમીન ઉપરાંત રણપ્રદેશ અને દુર્ગમ પર્વતીય વિસ્તારમાં પણ ઓપરેટ કરી શકાશે. આ ઉપરાંત શિપમાં ગોઠવીને પાણીમાં પણ તેનો ઉપયોગ કરી શકાશે.

## ➤ નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમાનું ઉદ્દઘાટન

19 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે **નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા** (અથવા તો **ભારતીય સિનેમાના રાષ્ટ્રીય સંગ્રહાલય**)નું ઉદ્દઘાટન કર્યું છે.




- ભારતીય સિનેમા અંગે બનેલું ભારતનું આ પ્રથમ રાષ્ટ્રીય મ્યુઝિયમ છે.

### મ્યુઝિયમની વિશેષતા

- રૂા. 140.61 કરોડના ખર્ચે **શ્યામ બેનેગલ સમિતિ**ના માર્ગદર્શન હેઠળ આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ મ્યુઝિયમમાં ભારતીય ફિલ્મોનો 100 વર્ષનો ઈતિહાસ દર્શાવાયો છે.
- આ મ્યુઝિયમ બે બિલ્ડિંગ ( ન્યુ મ્યુઝિયમ ભવન અને 19મી સદીના ઐતિહાસિક મહેલ ગુલશન મહેલ)માં વહેંચાયેલું છે.



કરન્ટ અફેર્સ સાથે જાહેર વહીવટ ફ્રી




## ➤ Artificial Intelligence નો બેચલર કોર્સ શરૂ કરનારી ભારતની પ્રથમ સંસ્થા

તાજેતરમાં ભારતમાં તેલંગાણાના હૈદરાબાદ ખાતે આવેલી IIT હૈદરાબાદમાં Artificial Intelligence (કૃત્રિમ બુદ્ધિ)ની ટેક્નોલોજી અંગેનો ફુલ ટાઈમ બેચલર કોર્સ શરૂ કરવામાં આવ્યો છે.

- આ સાથે જ IIT હૈદરાબાદ Artificial Intelligence ની ટેક્નોલોજી અંગે શિક્ષણ આપતી વિશ્વની ત્રીજી અને ભારતની પ્રથમ સંસ્થા બની ગઈ છે.

### ICE Questions

1. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કઈ જગ્યાએ K9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની ફેકટરીનું લોકાર્પણ કર્યું છે?

(A) ધોલેરા (B) અંકલેશ્વર (C) હજીરા (D) કંડલા

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

2. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં પ્રાઈવેટ સેક્ટરની કઈ કંપની દ્વારા K9 વજ્ર ટેન્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ?
   (A) રિલાયન્સ (B) TCS (C) L&T (D) TATA — **(C)**

3. ભારતની ખાનગી કંપની દ્વારા ભારતમાં જ તૈયાર થયેલી દેશની પ્રથમ ટેન્કનું નામ શું છે ?
   (A) T90 ભિષ્મ (B) MK1 અર્જુન (C) T55 વિજયંતા (D) K9 વજ્ર — **(D)**

4. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અનુસાર ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપની L & T દ્વારા રૂા. 4500 કરોડના ખર્ચે કુલ કેટલી K9 વજ્ર ટેન્કોનું નિર્માણ કરવામાં આવશે ?
   (A) 50 (B) 100 (C) 125 (D) 150 — **(B)**

5. કયા દેશની K9 Thunder ટેન્કની તર્જ પર ભારતની K9 વજ્ર ટેન્કનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) અમેરિકા (B) રશિયા (C) ઉત્તર કોરિયા (D) દક્ષિણ કોરિયા — **(D)**

6. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમાનું કઈ જગ્યાએ ઉદ્‌ઘાટન કર્યું છે ?
   (A) મુંબઈ (B) નવી દિલ્હી (C) કોલકાતા (D) હૈદરાબાદ — **(A)**

7. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે ઈન્ડિયન સિનેમા અંગેના ભારતના પ્રથમ રાષ્ટ્રીય મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું છે. આ મ્યુઝિયમનું નિર્માણ કઈ સમિતિના માર્ગદર્શન હેઠળ થયું છે ?
   (A) કે. જગજીત કુમાર (B) કે. રમેશ રોય (C) શ્યામ બેનેગલ (D) કે. મુદ્‌ગલ — **(C)**

8. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અથવા તો કૃત્રિમ બુદ્ધિ ટેક્નોલોજી અંગે ફુલ ટાઈમનો બેચલર કોર્સ શરૂ કરનાર ભારતની પ્રથમ સંસ્થાનું નામ શું છે ?
   (A) IIT મુંબઈ (B) IIT બેંગાલુરુ (C) IIT અમદાવાદ (D) IIT હૈદરાબાદ — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**21 JANUARY, 2019 MONDAY**

## ➤ ભારતના બીજા ડિફેન્સ કોરિડોરનો તમિલનાડુમાં શુભારંભ



તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી **શ્રીમતી નિર્મલા સીતારામને** **તમિલનાડુ**ના **તિરુચિરાપલ્લી** ખાતે **'તમિલનાડુ ડિફેન્સ કોરિડોર'**નો પ્રારંભ કરાવ્યો છે.

- તમિલનાડુ ખાતે શરૂ થયેલો આ ડિફેન્સ કોરિડોર **ભારતનો બીજો ડિફેન્સ કોરિડોર** છે.
- આ અગાઉ ઓગસ્ટ 2018માં **ઉત્તરપ્રદેશ**ના **અલીગઢ** ખાતે ભારતના પ્રથમ ડિફેન્સ કોરિડોરનો પ્રારંભ થયો હતો.

**નોંધ :** (1) ભારતમાં સ્વદેશી સંરક્ષણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે આ ડિફેન્સ કોરિડોરને સરકારનું મહત્ત્વનું કદમ માનવામાં આવે છે.

(2) તાજેતરમાં તમિલનાડુ સરકાર દ્વારા **તમિલનાડુ**માં એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે **નવી એરોસ્પેસ અને સંરક્ષણ ઔદ્યોગિક નીતિ**ને મંજૂરી આપવામાં આવી છે.

## ➤ શહેરી સમૃદ્ધિ ઉત્સવ

ભારત સરકારના **આવાસ અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય** દ્વારા ભારતમાં 1થી 15 ફેબ્રુઆરી, 2019 દરમિયાન **'શહેરી સમૃદ્ધિ ઉત્સવ'**ની ઉજવણી કરવામાં આવશે.

- ભારતમાં રાષ્ટ્રીય શહેરી રોજગારી મિશનને ગરીબમાં ગરીબ વ્યક્તિ સુધી પહોંચાડવા માટે ભારત સરકારે કરેલા પ્રયાસોને લોકો સમક્ષ લાવવા માટે આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ શહેરી સમૃદ્ધિ ઉત્સવનો અન્ય એક ઉદ્દેશ સ્વયં સહાય જૂથોને ભારત સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવાનો પણ છે.

## ➤ આર્થિક રીતે નબળા વર્ગને 10 ટકા અનામતના અમલ માટેનું કેન્દ્ર સરકારનું જાહેરનામું

તાજેતરમાં કેન્દ્ર સરકારના **પર્સોનેલ, પબ્લિક ગ્રિવન્સ એન્ડ પેન્શન્સ મંત્રાલય** દ્વારા ભારતમાં આર્થિક રીતે નબળા વર્ગને **10 ટકા અનામત** આપવાના કેન્દ્ર સરકારના નિર્ણયના અમલ માટે એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ જાહેરનામા અનુસાર ભારતમાં **1 ફેબ્રુઆરી, 2019** થી **કેન્દ્ર સરકાર**ની નોકરીઓમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા વર્ગોને **10 ટકા અનામત**નો લાભ આપવામાં આવશે.
- ભારતમાં 1 ફેબ્રુઆરી, 2019 કે ત્યારબાદ સીધી ભરતીથી ભરવામાં આવતી કેન્દ્ર સરકારની તમામ નોકરીઓમાં આ 10 ટકા અનામતનો લાભ આપવામાં આવશે.

### ઓફિશિયલ નોટિફિકેશન અનુસાર અનામતનો લાભ કોને મળશે ?

તાજેતરમાં જાહેર થયેલા ઓફિશિયલ નોટિફિકેશન અનુસાર આર્થિક રીતે નબળા વર્ગના જનરલ કેટેગરીના ઉમેદવારો માટે અનામતનો લાભ લેવા મુખ્ય પાંચ શરતો મૂકવામાં આવી છે.

- આ પાંચમાંથી જો કોઈ એક પણ શરતનો ભંગ થતો હશે તો ઉમેદવાર અનામત માટે લાયક ઠરશે નહિ.
- આ પાંચ શરતો આ પ્રમાણે છે :

(1) **અગાઉના નાણાકીય વર્ષ**માં તેના **પરિવાર**ની કુલ આવક રૂા. **8 લાખ**થી વધુ હોવી જોઈએ નહિ.

> **કુલ આવકની વ્યાખ્યા :** કુલ આવકમાં પગાર, કૃષિ અને વ્યવસાયની આવક ઉપરાંત કુટુંબની અન્ય તમામ આવકનો સમાવેશ થાય છે.
>
> **કુટુંબ/પરિવારની આવકની વ્યાખ્યા :** કુટુંબ/પરિવારની આવકની વ્યાખ્યામાં ઉમેદવારની પોતાની આવક, જીવન સાથીની આવક, માતા–પિતાની આવક, ભાઈ–બહેનોની આવક અને 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની આવકનો સમાવેશ થાય છે.

(2) તેમના કુટુંબ પાસે **પાંચ એકર કે તેથી વધુ કૃષિ જમીન** હોવી જોઈએ નહિ.

(3) તેમના કુટુંબ પાસે **1,000 ચોરસ ફૂટ કે તેથી મોટો નિવાસી ફ્લેટ** હોવો જોઈએ નહિ.

(4) તેમના કુટુંબ પાસે **સૂચિત મ્યુનિસિપાલિટીઝ**માં **100 ચોરસ યાર્ડ** કે તેથી મોટો **નિવાસી પ્લોટ** હોવો જોઈએ નહિ.

(5) તેમના કુટુંબ પાસે સૂચિત મ્યુનિસિપાલિટીઝ સિવાયના વિસ્તારોમાં **200 ચોરસ યાર્ડ કે તેથી મોટો નિવાસી પ્લોટ** હોવો જોઈએ નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 10 ટકા અનામતનો લાભ મેળવવા માટે સર્ટિફિકેટ

જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારે અનામતનો લાભ મેળવવા માટે સંબંધિત વિસ્તારના **તહેસીલદારથી નીચેનો રેન્ક ધરાવતા ન હોય તેવા અધિકારી પાસેથી પ્રમાણપત્ર** મેળવવાનું રહેશે.

- જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ આપવા માટે રાજ્ય સરકારો તથા કેન્દ્રશાસિત પ્રદેશોએ આવા ઉમેદવારોને **આવકનું પ્રમાણપત્ર** ઈશ્યૂ કરવા માટે **તહેસીલદારથી નીચેનો રેન્ક ધરાવતા ન હોય તેવા** એક અધિકારીને અધિકૃત કરવા પડશે.

**નોંધ :** (1) ઉપરોક્ત નિયમો **ફક્ત કેન્દ્ર સરકાર**ની સરકારી નોકરીઓ તથા કેન્દ્ર સરકાર સંચાલિત શિક્ષણ સંસ્થાઓમાં જ લાગુ પડશે.

(2) જ્યારે જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા ઉમેદવારોને અનામતનો લાભ આપવા માટે **રાજ્ય સરકારો** આવક–મર્યાદા તથા અન્ય નિયમો **પોતાની રીતે** જાહેર કરી શકશે.

## ગુજરાતમાં 10 ટકા આર્થિક અનામત અંગેના નિયમો

તાજેતરમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની અધ્યક્ષતામાં ગુજરાતના **ગાંધીનગર** ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં **1978 પહેલાથી વસતા હોય તેવા** તથા જેમના **કુટુંબની વાર્ષિક આવક રૂ. 8 લાખથી ઓછી હોય** તેવા **જનરલ કેટેગરીના તમામ યુવાનો**ને **10 ટકા અનામત**નો લાભ આપવામાં આવશે.

- ગુજરાત સરકારની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ તથા ગુજરાત સરકારની સરકારી નોકરીઓમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા યુવાનોને અનામત આપવા માટે ગુજરાત સરકારે **રૂ. 8 લાખથી ઓછી આવકનું ફક્ત એક જ ધારાધોરણ** નક્કી કર્યું છે.
- કેન્દ્ર સરકાર દ્વારા 10 ટકા આર્થિક અનામત માટે વાર્ષિક રૂ. 8 લાખની આવક ઉપરાંત જમીનની માલિકી તથા રહેણાંકના ઘરની માલિકી અથવા ખુલ્લા પ્લોટની માલિકી જેવા અનેક ધારાધોરણો રાખવામાં આવ્યા છે.
- જ્યારે ગુજરાત સરકારે **આવકનો ફક્ત એક જ માપદંડ રાખીને** વાર્ષિક રૂ. 8 લાખથી ઓછી કૌટુંબિક આવક ધરાવતા જનરલ કેટેગરીના તમામ યુવાનોને સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે આર્થિક અનામતના લાભો આપવાનો નિર્ણય કર્યો છે.
- જોકે, ગુજરાતમાં બક્ષીપંચ રિઝર્વેશનનો અમલ વર્ષ 1978થી થયો હોવાથી **1978 અગાઉ** ગુજરાતમાં સ્થાયી થયા હોય તેવા જ જનરલ કેટેગરીના ઉમેદવારોને આ 10 ટકા આર્થિક અનામતનો લાભ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કુટુંબની આવકની વ્યાખ્યા :


ગુજરાત સરકારે નક્કી કરેલી કુટુંબની આવકની વ્યાખ્યામાં ઉમેદવારની પોતાની આવક તેમજ તેમના માતા–પિતા અને 18 વર્ષથી ઓછી ઉંમરના ભાઈ–બહેનની આવકનો સમાવેશ થશે. આ આવકમાં કોઈપણ નોકરીનો પગાર, ખેતીવાડીની આવક, ધંધા–વ્યવસાયની આવક તેમજ અન્ય તમામ આવકનો સમાવેશ થશે.

## જનરલ કેટેગરીની મહિલાઓ માટે અનામત

ગુજરાત સરકાર દ્વારા દરેક ભરતીમાં 33% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે.

- ગુજરાત સરકારની આ નીતિ અનુસાર જનરલ કેટેગરીની આર્થિક રીતે નબળા વર્ગની અનામત બેઠકોમાં પણ 33% બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારત સરકારના આવાસ અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય દ્વારા ભારતમાં 1 થી 15 ફેબ્રુઆરી, 2019 દરમિયાન કયા ઉત્સવની ઉજવણી કરવામાં આવશે ?
(A) શહેરી ગરીબી ઉત્સવ (B) શહેરી સમૃદ્ધિ ઉત્સવ
(C) શહેરી ગરીબી ઉન્મૂલન ઉત્સવ (D) ત્રણમાંથી કોઈ નહિ
**(B)**

2. તાજેતરમાં ભારતના બીજા ડિફેન્સ કોરિડોરનો કયાં શુભારંભ થયો છે ?
(A) તિરુચિરાપલ્લી, તમિલનાડુ (B) તિરુનેલવેલી, તમિલનાડુ
(C) તિરુવલ્લુર, તમિલનાડુ (D) તિરુવરુર, તમિલનાડુ
**(A)**

3. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા ઓફિશિયલ નોટિફિકેશન અનુસાર જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારને 10 ટકા અનામતનો લાભ મેળવવા માટેની આવશ્યક શરતોમાં નીચેનામાંથી કઈ શરતોનો સમાવેશ થાય છે ?
(i) અગાઉના નાણાકીય વર્ષમાં તેમના પરિવારની કુલ વાર્ષિક આવક 8 લાખથી વધુ હોવી જોઈએ નહિ.
(ii) તેમના કુટુંબ પાસે પાંચ એકર કે તેથી વધુ કૃષિ જમીન હોવી જોઈએ નહિ.
(iii) તેમના કુટુંબ પાસે 1000 ચોરસ ફૂટ કે તેથી મોટો નિવાસી ફ્લેટ હોવો જોઈએ નહિ.
(iv) તેમના કુટુંબ પાસે સૂચિત મ્યુનિસિપાલિટીઝમાં 200 ચોરસ યાર્ડ કે તેથી મોટો નિવાસી પ્લોટ હોવો જોઈએ નહિ.
(v) તેમના કુટુંબ પાસે સૂચિત મ્યુનિસિપાલિટીઝ સિવાયના વિસ્તારોમાં 100 ચોરસ યાર્ડ કે તેથી મોટો નિવાસી પ્લોટ હોવો જોઈએ નહિ.
(A) i, ii, iii, iv, v (B) i, ii, iii, iv (C) i, ii, iii (D) i, ii, iii, v
**(C)**

4. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા નોટિફિકેશન અનુસાર જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને આવકનું પ્રમાણપત્ર આપવા માટે રાજ્ય સરકારો તથા કેન્દ્રસાશિત પ્રદેશો દ્વારા કયા રેન્કના કે તેથી ઉપરનો રેન્ક ધરાવતા અધિકારીને અધિકૃત કરવામાં આવશે ?
(A) કલેકટર (B) નાયબ કલેકટર (C) તહેસીલદાર (D) નાયબ તહેસીલદાર
**(C)**

5. ગુજરાત સરકારે તાજેતરમાં કરેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે નબળા વર્ગના કયા ઉમેદવારોને 10 ટકા આર્થિક અનામતનો લાભ મળશે ?
(A) વાર્ષિક રૂ. 8 લાખથી ઓછી આવક ધરાવતા જનરલ કેટેગરીના તમામ ઉમેદવારોને
(B) કુટુંબની વાર્ષિક આવક રૂ. 8 લાખથી ઓછી હોય તેવા જનરલ કેટેગરીના તમામ યુવાનોને
(C) કુટુંબની વાર્ષિક આવક રૂ. 8 લાખથી ઓછી હોય અને 1979 પહેલા ગુજરાતમાં સ્થાયી થયા હોય તેવા જનરલ કેટેગરીના તમામ યુવાનોને
(D) કુટુંબની વાર્ષિક આવક રૂ. 8 લાખથી ઓછી હોય અને 1978 પહેલા ગુજરાતમાં સ્થાયી થયા હોય તેવા જનરલ કેટેગરીના તમામ યુવાનોને
**(D)**

6. ગુજરાતમાં જનરલ કેટેગરીની મહિલાઓ માટે જનરલ કેટેગરીની આર્થિક રીતે નબળા વર્ગની અનામત બેઠકોમાંથી કેટલા ટકા બેઠકો અનામત રાખવામાં આવશે ?
(A) 25 ટકા (B) 30 ટકા (C) 33 ટકા (D) 50 ટકા
**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 22 JANUARY, 2019 TUESDAY

### ➤ Public Good Or Private Wealth - Oxfam 2019 Report

તાજેતરમાં **ઓક્સફામ** દ્વારા જાહેર થયેલા **'પબ્લિક ગુડ ઓર પ્રાઈવેટ વેલ્થ ?' 2019** રિપોર્ટ અનુસાર ભારતમાં સંપત્તિના વિભાજનની સ્થિતિ **'નૈતિક રીતે અત્યંત ભયંકર'** છે. ભારતની સંપત્તિ પર માત્ર થોડા લોકો જ નિયંત્રણ ધરાવે છે.

#### ભારતની સંપત્તિમાં અસમાનતા

આ રિપોર્ટ અનુસાર ભારતમાં માત્ર **9 અબજોપતિ** દેશની **50 ટકા** વસતી જેટલી સંપત્તિ ધરાવે છે.

- આ 9 અબજોપતિઓમાં પાંચ (શ્રી મુકેશ અંબાણી, શ્રી અઝીમ પ્રેમજી, શ્રી દિલીપ સંઘવી, શ્રી ઉદય કોટક અને શ્રી ગૌતમ અદાણી) ગુજરાતી અબજોપતિનો સમાવેશ થાય છે.
- ભારતમાં માત્ર **10 ટકા** લોકો પાસે દેશની **77.4 ટકા સંપત્તિ** છે.
- જ્યારે ભારતના આ 10 ટકા ધનિકોમાંથી પણ **1 ટકા** લોકો પાસે દેશની **51.53 ટકા** સંપત્તિ છે.
- ભારતના **60 ટકા** લોકો પાસે માત્ર **4.8 ટકા** સંપત્તિ છે.

#### ભારતમાં અબજોપતિની સંખ્યા

ઓક્સફામના આ રિપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ **2017**માં **101 અબજોપતિ** હતા.

- તેમાં વર્ષ **2018**માં ભારતમાં **18** નવા અબજોપતિનો ઉમેરો થયો છે.
- આથી, વર્ષ **2018**ના અંતે ભારતમાં અબજોપતિની કુલ સંખ્યા **119** છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018થી 2022 સુધીમાં ભારતમાં દર વર્ષે **70** નવા અબજોપતિનું સર્જન થવાની શક્યતા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### ભારતમાં અબજોપતિની સંખ્યામાં વધારો

| ક્રમ | વર્ષ | નવા અબજોપતિ | કુલ |
|---|---|---|---|
| 1 | 2015 | 22 | 82 |
| 2 | 2016 | 08 | 90 |
| 3 | 2017 | 11 | 101 |
| 4 | 2018 | 18 | 119 |

**નોંધ :** (1) ઓક્સફામના રિપોર્ટ અનુસાર ભારતના અબજોપતિની સંપત્તિમાં વર્ષ 2018 દરમિયાન રોજનો રૂ. 2200 કરોડનો વધારો થયો છે.

(2) ભારતના અબજોપતિની સંપત્તિ વર્ષ 2017માં 325.5 અબજ ડોલર હતી. જે વધીને વર્ષ **2018**માં **440.1 અબજ** ડોલર થઈ ગઈ છે.

(3) બીજી બાજુ દેશના **10 ટકા** લોકો વર્ષ **2004થી** સતત દેવામાં ડૂબી રહયા છે.

## ભારતમાં મહિલાઓનો GDPમાં ફાળો

આ રિપોર્ટ અનુસાર ભારતમાં પરિવાર તથા સંતાનો માટે ગૃહિણીઓ વગર વેતને જે કામ કરે છે તેનું મૂલ્ય **GDPના 3.1 ટકા** જેટલું છે.

## વિશ્વમાં આર્થિક અસમાનતા

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં વિશ્વના અબજોપતિઓની સંપત્તિમાં દૈનિક **12 ટકા** એટલે કે દૈનિક 2.5 અબજ ડોલરનો વધારો થયો છે.

- જ્યારે આ જ સમયગાળામાં 3.8 અબજ ગરીબ લોકોની સંપત્તિમાં **11 ટકા**નો ઘટાડો થયો છે.
- વિશ્વમાં કુલ 2208 જેટલા અબજપતિઓ છે અને તેમની કુલ સંપત્તિ વર્ષ 2018 દરમિયાન 900 અબજ ડોલર વધી છે.
- વર્ષ 2017થી 2018 દરમિયાન વિશ્વમાં દર બીજા દિવસે એક અબજપતિનો ઉમેરો થયો છે.
- વર્ષ **2018**માં પ્રસિદ્ધ થયેલા ઓક્સફામના રિપોર્ટ અનુસાર માત્ર **43** લોકો પાસે વિશ્વની અડધી સપંત્તિ હતી. જે તાજેતરમાં **2019**માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર **વિશ્વના માત્ર 26 લોકો પાસે** વિશ્વની **અડધી સંપત્તિ** જમા થઈ ચૂકી છે.

## ભારત તથા વિશ્વમાં આર્થિક અસમાનતાનું ઉદાહરણ

**શ્રી મુકેશ અંબાણી** ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ છે. **ફોર્બ્સ**ની વર્ષ **2018**ની વિશ્વના સૌથી ધનિક વ્યક્તિની યાદીમાં તેઓ **19મા** ક્રમે છે. મુંબઈ ખાતે આવેલું તેમનું નિવાસસ્થાન 'Antilia' વિશ્વનું સૌથી મોટું અને સૌથી ઊંચું (173 મીટર) તથા વિશ્વનું સૌથી મોંઘું પ્રાઈવેટ હાઉસ છે.

- જ્યારે આ રિપોર્ટ અનુસાર ભારતમાં જ બિહારના પટના ખાતે ઝૂંપડપટ્ટીમાં રહેતી પ્રતિમા નામની મહિલાએ સમયસર સારવાર ન કરાવી શકવાને કારણે પોતાના બે જોડિયા બાળકો ગુમાવી દીધા છે.
- વિશ્વની વાત કરીએ તો 112 બિલિયન ડોલરની સંપત્તિ સાથે **એમેઝોન**ના સ્થાપક **શ્રી જેફ બેઝોસ** વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ છે.
- જ્યારે **1.15 કરોડ**ની વસતી ધરાવતા **ઈથિયોપિયાનું કુલ હેલ્થ બજેટ** શ્રી જેફ બેઝોસની સંપત્તિના **ફક્ત 1 ટકા** જેટલું છે.

## આર્થિક અસમાનતા દૂર કરવા માટેનું સૂચન

આ રિપોર્ટ અનુસાર ભારતના ટોચના **1 ટકા** ધનવાન લોકો પર વધારાનો માત્ર **0.5 ટકા** ટેક્સ નાખવામાં આવે તો પણ તેનાથી થનારી આવકથી ભારતનો આરોગ્ય ખર્ચ **50 ટકા** સુધી વધારી શકાય તેમ છે.

- એ જ રીતે વિશ્વના **1 ટકા** ધનપતિઓ પર જો વધારાનો **0.5 ટકા** ટેક્સ નાખવામાં આવે તો દુનિયામાં 26.20 કરોડ જેટલા બાળકો કે જે આજે સ્કૂલે નથી જઈ શકતા એ સૌને ભણાવી શકાય તેમ છે. તેમજ આરોગ્ય સુવિધા પૂરી પાડીને 33 લાખ લોકોની જિંદગી બચાવી શકાય તેમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ઓક્સફામ બ્રિટન સ્થિત 20 વૈશ્વિક સંસ્થાઓનું એક સંગઠન છે અને વિશ્વની આર્થિક અસમાનતા અંગે વર્ષ 1942થી રિપોર્ટ તૈયાર કરે છે.

(2) તાજેતરમાં 22થી 25 જાન્યુઆરી, 2019 દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠકમાં વિશ્વના રાજકીય અને ઉદ્યોગજગતના અગ્રણીઓ એકત્ર થઈ રહયા છે. ત્યારે વિશ્વ જગતનું આ બાબતે ધ્યાન ખેંચવા માટે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

## ➤ ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2019માં મહારાષ્ટ્ર પ્રથમ, ગુજરાત 8મા ક્રમે

તાજેતરમાં ભારતમાં **મહારાષ્ટ્રના પૂણે** ખાતે **'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2019'**નું આયોજન થયું હતું.

- જેમાં ભારતના 29 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે 6,000થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- આ યૂથ ગેમ્સમાં 85 ગોલ્ડ સાથે કુલ 227 મેડલ જીતીને **મહારાષ્ટ્ર** સમગ્ર દેશમાં **પ્રથમ** ક્રમે છે.
- મહારાષ્ટ્ર બાદ **હરિયાણા બીજા** અને **દિલ્હી ત્રીજા ક્રમે** છે.
- જ્યારે 15 ગોલ્ડ, 9 સિલ્વર અને 15 બ્રોન્ઝ મેડલ સહિત **કુલ 39 મેડલ** જીતીને **ગુજરાત** આ યૂથ ગેમ્સમાં **આઠમા ક્રમે** છે.

## ➤ સિદ્ધગંગા મઠના પ્રમુખ શ્રી શિવકુમાર સ્વામી બ્રહ્મલીન



કર્ણાટકમાં **'જીવિત ભગવાન' ('Nadeaaduva Devaru')**ના નામથી પ્રસિદ્ધ કર્ણાટકના **સિદ્ધગંગા મઠ**ના પિઠાધિશ્વર **શ્રી શિવકુમાર સ્વામી** 111 વર્ષની વયે બ્રહ્મલીન થયા છે.

- તેમના નિધન બાદ કર્ણાટક સરકારે ત્રણ દિવસનો રાજકીય શોક પાળવાની તથા તમામ સ્કૂલો, કોલેજો અને સરકારી ઓફિસોમાં એક દિવસની રજાની જાહેરાત કરી હતી.

### શ્રી શિવકુમાર સ્વામી કોણ હતા ?

**શ્રી શિવકુમાર સ્વામી**નો જન્મ 1 એપ્રિલ, 1907ના રોજ **કર્ણાટક**ના **રામનગર** જિલ્લાના **વીરપુરા** ગામમાં થયો હતો.

- તેઓ કર્ણાટકમાં **લિંગાયત** (અથવા તો **લિંગાયત-વીરશૈવ**) **સમુદાય**ના મુખ્ય મઠ **સિદ્ધગંગા**ના પ્રમુખ હતા.
- **લિંગાયત** સમુદાયનો 300 વર્ષ જૂનો આ મઠ **કર્ણાટક**માં **તુમકુરૂ** ખાતે આવેલો છે.
- કર્ણાટકમાં સિદ્ધગંગા મઠની સંખ્યા 400થી વધુ છે. અને આ મઠ તરફથી 10 હજાર બાળકો માટે દૈનિક મફત ભોજન તથા અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવી છે.
- આ મઠ 150થી વધુ શિક્ષણ સંસ્થાઓ ચલાવે છે. તેમાં એન્જિનિયરિંગ કોલેજનો પણ સમાવેશ થાય છે.
- કર્ણાટકની રાજનીતિમાં આ મઠનો મોટો પ્રભાવ છે.
- શ્રી શિવકુમાર સ્વામીએ **કર્ણાટક**માં **શ્રી સિદ્ધગંગા એજ્યુકેશન સોસાયટી**ની સ્થાપના કરી હતી.

**નોંધ :** (1) ભારત સરકાર દ્વારા **શ્રી શિવકુમાર સ્વામી**ને વર્ષ 2015માં **પદ્મ ભૂષણ** પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

(2) તાજેતરમાં કર્ણાટકના મુખ્યમંત્રી **શ્રી કુમારસ્વામી**એ શ્રી શિવકુમાર સ્વામીને ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન **'ભારત રત્ન'** આપવાની માગ કરી હતી.

(3) શ્રી શિવકુમાર સ્વામીને કર્ણાટક સરકાર દ્વારા વર્ષ 2007માં **'કર્ણાટક રત્ન'** પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXA

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ઓક્સફામ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'પબ્લિક ગુડ ઓર પ્રાઈવેટ વેલ્થ' રિપોર્ટ 2019 અનુસાર ભારતમાં કેટલા અબજપતિ લોકો દેશની 50 ટકા વસતી જેટલી સંપત્તિ ધરાવે છે ?<br>(A) 5 (B) 7 (C) 9 (D) 15 | (C) |
| 2. | ઓક્સફામના 'પબ્લિક ગુડ ઓર પ્રાઈવેટ વેલ્થ' રિપોર્ટ 2019 અનુસાર ભારતના 10 ટકા ધનિક લોકો પાસે દેશની કેટલા ટકા સંપત્તિ છે ?<br>(A) 51.53 ટકા (B) 64.4 ટકા (C) 74.4 ટકા (D) 77.4 ટકા | (D) |
| 3. | ઓક્સફામના 'પબ્લિક ગુડ ઓર પ્રાઈવેટ વેલ્થ' રિપોર્ટ 2019 અનુસાર ભારતના સૌથી ધનિક 1 ટકા લોકો પાસે દેશની કેટલા ટકા સંપત્તિ છે ?<br>(A) 50 ટકા (B) 51.53 ટકા (C) 53.53 ટકા (D) 54.53 ટકા | (B) |
| 4. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ઓક્સફામના એક રિપોર્ટ અનુસાર વર્ષ 2018ના અંતે ભારતમાં અબજોપતિની સંખ્યા કેટલી છે ?<br>(A) 82 (B) 90 (C) 101 (D) 119 | (D) |
| 5. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ઓક્સફામના વર્ષ 2019ના રિપોર્ટ અનુસાર વિશ્વના કેટલા સૌથી ધનિક વ્યક્તિઓ પાસે વિશ્વની અડધી સંપત્તિ છે ?<br>(A) 18 (B) 26 (C) 28 (D) 43 | (B) |
| 6. | 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2019'માં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?<br>(A) મહારાષ્ટ્ર (B) હરિયાણા (C) દિલ્હી (D) ગુજરાત | (A) |
| 7. | તાજેતરમાં મહારાષ્ટ્રના પૂણે ખાતે યોજાયેલી 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ' 2019માં મેડલ ટેબલમાં ગુજરાત કયા ક્રમે છે ?<br>(A) ચોથા (B) પાંચમા (C) આઠમા (D) દસમા | (C) |
| 8. | તાજેતરમાં 'જીવિત ભગવાન' તરીકે પ્રસિદ્ધ શ્રી શિવકુમાર સ્વામીનું 111 વર્ષની વયે નિધન થયું છે... તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?<br>(A) કેરળ (B) તમિલનાડુ (C) તેલંગાણા (D) કર્ણાટક | (D) |
| 9. | તાજેતરમાં કર્ણાટકમાં 'જીવિત ભગવાન' તરીકે પ્રસિદ્ધ શ્રી શિવકુમાર સ્વામીનું 111 વર્ષની વયે નિધન થયું છે....તેઓ કર્ણાટકમાં કયા મઠના પ્રમુખ હતા ?<br>(A) સિદ્ધેશ્વર (B) સિદ્ધબ્રહ્મ (C) સિદ્ધગંગા (D) સિદ્ધયોગી | (C) |
| 10. | તાજેતરમાં કર્ણાટકમાં લિંગાયત સમુદાયના સિદ્ધગંગા મઠના પ્રમુખ શ્રી શિવકુમાર સ્વામીનું નિધન થયું છે... તેમને કયા પુરસ્કાર એનાયત થયા હતા ?<br>(A) પદ્મ શ્રી, કર્ણાટક રત્ન (B) પદ્મ ભૂષણ, કર્ણાટક રત્ન<br>(C) પદ્મ વિભૂષણ, કર્ણાટક રત્ન (D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**23 JANUARY, 2019 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 23 જાન્યુઆરી, રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન



શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન 23 જાન્યુઆરી ભારતમાં 'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન' તરીકે ઉજવાય છે.

- શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઓડિશાના કટક ખાતે થયો હતો.
- તેમના પિતાનું નામ શ્રી રાયબહાદુર જાનકીનાથ તથા માતાનું નામ શ્રીમતી પ્રભાવતીદેવી હતું.
- તેમણે ઈ.સ. 1921માં લંડનમાં આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ અંગ્રેજ સરકારની નોકરી સ્વીકારી ન હતી.
- બાદમાં તેઓ 'અખિલ ભારત ટ્રેડ યુનિયન'ના પ્રમુખ બન્યા હતા.

### શ્રી સુભાષચંદ્ર બોઝ અને કોંગ્રેસ

શ્રી સુભાષચંદ્ર બોઝ 1938માં કોંગ્રેસના હરિપુરા અધિવેશનના અધ્યક્ષ બન્યા હતા.

- ત્યારબાદ 1939માં મહાત્મા ગાંધીજીના પ્રતિનિધિ શ્રી પટ્ટાભી સિતારમૈયાને હરાવીને કોંગ્રેસના ત્રિપુરી અધિવેશનના અધ્યક્ષ બન્યા હતા.
- જોકે, ત્યારબાદ મહાત્મા ગાંધીજી સાથે મતભેદ થતાં માર્ચ, 1939માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું.

### ફોરવર્ડ બ્લોકની સ્થાપના

કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ શ્રી સુભાષચંદ્ર બોઝે 3 મે, 1939ના રોજ'ફોરવર્ડ બ્લોક'ની સ્થાપના કરી હતી.

- સપ્ટેમ્બર, 1939 દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધમાં અંગ્રેજોએ ભારતને આ વિશ્વયુદ્ધમાં બ્રિટનના પક્ષે સામેલ કર્યું હતું. આથી તેના વિરોધમાં શ્રી સુભાષચંદ્ર બોઝ અને ફોરવર્ડ બ્લોકના સભ્યો દ્વારા યુદ્ધ વિરોધી ભાષણો આપવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ યુદ્ધ વિરોધી ભાષણોને લીધે જુલાઈ, 1940માં શ્રી સુભાષબાબુની ધરપકડ થઈ હતી. આ સમય દરમિયાન જેલમાં ઉપવાસને લીધે તેમની તબિયત લથડતા તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા.
- અને 1941માં નજરકેદમાંથી છટકીને પેશાવર-કાબુલના માર્ગે થઈને તેઓ જર્મની પહોંચ્યા હતા.

### એડોલ્ફ હિટલર સાથે મુલાકાત



શ્રી સુભાષચંદ્ર બોઝે 1941માં જર્મનીમાં જર્મનીના સરમુખત્યાર શાસક એડોલ્ફ હિટલર સાથે મુલાકાત કરી હતી.

- અને શ્રી સુભાષચંદ્ર બોઝે જૂન 1941માં જર્મનીના બર્લિન રેડિયો પરથી જ અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી હતી.
- તેમણે જર્મનીમાં 'આઝાદ હિંદ રેડિયો'ની સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ



અંગ્રેજો વિરુદ્ધ લડાઈ માટે **શ્રી રાસબિહારી બોઝે** જાપાનની સહાયથી **જાપાન**ના **ટોકિયો**માં **જૂન 1942**માં **'આઝાદ હિંદ ફોજ'**ની રચના કરી હતી.

- **7 જુલાઈ, 1943**ના રોજ **શ્રી સુભાષચંદ્ર બોઝે** તેની કમાન સંભાળી હતી.
- અને આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ કરીને તેમણે **નહેરુ બ્રિગેડ**, **આઝાદ બ્રિગેડ**, **સુભાષ બ્રિગેડ** અને **ગાંધી બ્રિગેડ**ની રચના કરી હતી.
- આ ઉપરાંત આઝાદ હિંદ ફોજમાં મહિલાઓ માટે **ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ બ્રિગેડ**ની પણ રચના કરી હતી. જેનું નેતૃત્વ તેમણે **શ્રીમતી લક્ષ્મી સહેગલ**ને સોંપ્યું હતું.
- શ્રી સુભાષચંદ્ર બોઝે **5 જુલાઈ, 1943**ના રોજ **સિંગાપોર**થી આઝાદ હિંદ ફોજને **'દિલ્હી ચલો'**નો નારો આપ્યો હતો. (**ખાસ નોંધ :** **મહાત્મા ગાંધીજી** દ્વારા **1940-41**માં શરૂ કરવામાં આવેલો **'વ્યક્તિગત સત્યાગ્રહ'** **'દિલ્હી ચલો ચળવળ'** તરીકે પણ ઓળખાય છે. આથી, **'દિલ્હી ચલો'**ના નારા સાથે **શ્રી સુભાષચંદ્ર બોઝનું** નામ જોડાયેલું છે. જ્યારે **'દિલ્હી ચલો ચળવળ'** સાથે **મહાત્મા ગાંધીજીનું** નામ સંકળાયેલું છે.)
- શ્રી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું વડુંમથક **સિંગાપોર**થી ખસેડીને મ્યાનમારના **રંગૂન** ખાતે તેની સ્થાપના કરી હતી.

**નોંધ :** આઝાદ હિંદ ફોજ અંગ્રેજીમાં **"Indian National Army' (INA)** તરીકે ઓળખાય છે.

## આઝાદ હિંદ સરકાર

**21 ઓક્ટોબર, 1943**ના રોજ **શ્રી સુભાષચંદ્ર બોઝે સિંગાપોર**માં **ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર**ની રચના કરી હતી.

- આ સરકારને **'આઝાદ હિંદ સરકાર'** નામ આપવામાં આવ્યું હતું.
- આ સરકારનું મુખ્યમથક **સિંગાપોર** ઉપરાંત મ્યાનમારના **રંગૂન** ખાતે પણ સ્થાપવામાં આવ્યું હતું.
- આ સરકારને **જર્મની**, **જાપાન** સહિત કુલ **11 દેશો**એ માન્યતા આપી હતી.
- ભારત બહાર બ્રિટિશ શાસન વિરુદ્ધ લડાઈ લડવા માટે સ્થાપવામાં આવેલી આ સરકારને પોતાની બેંક હતી, પોતાનું ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાની ગુપ્તચર સેવા હતી.
- **શ્રી સુભાષચંદ્ર બોઝ** આ સરકારના **રાષ્ટ્રપતિ**, **વડાપ્રધાન** અને **યુદ્ધમંત્રી** હતા.
- આ સરકારની સ્થાપના માટે શ્રી સુભાષચંદ્ર બોઝ **જર્મની**થી **સબમરિન** દ્વારા દક્ષિણ એશિયા આવ્યા હતા. અને પછી ત્યાંથી **જાપાન** થઈને **સિંગાપોર** પહોંચ્યા હતા.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ સરકાર **'અર્જી-હુકૂમત-એ-આજાદ'** અથવા તો **'સ્વાધીન ભારતની અંતરિમ સરકાર'** તરીકે પણ ઓળખાય છે.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ 'આઝાદ હિંદ સરકાર' **અખંડ અને અવિભાજિત ભારતની દેશ બહાર બનેલી પ્રથમ સરકાર** હતી.

## આઝાદ હિંદ સરકારની 75 વર્ષની ઉજવણી

તાજેતરમાં **21 ઓક્ટોબર, 2018**ના રોજ આઝાદ હિંદ સરકારની સ્થાપનાને **75 વર્ષ** પૂર્ણ થયા હતા.

- આ પ્રસંગે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા** પર તિરંગો લહેરાવીને ધ્વજ વંદન કર્યું હતું.
- આઝાદી બાદ ભારતના કોઈ વડાપ્રધાને **15 ઓગસ્ટ સિવાય** લાલ કિલ્લા પરથી તિરંગો લહેરાવ્યો હોય એવો આ પ્રથમ બનાવ હતો.

## નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા આંદમાનમાં તિરંગાને સલામી

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાન અને નેતાજીની સંયુક્ત સેનાએ **આંદમાન-નિકોબાર ટાપુ** જીતી લીધા હતા.

- આ પ્રસંગે **શ્રી સુભાષચંદ્ર બોઝે 30 ડિસેમ્બર, 1943**ના રોજ **આંદમાન નિકોબાર** ટાપુના **પોર્ટબ્લેર** ખાતે પહેલી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.
- અને આંદમાન નિકોબારને બ્રિટિશ શાસનથી મુક્ત જાહેર કર્યો હતો.
- આમ, બ્રિટિશ શાસનમાંથી મુક્ત થનાર ભારતનો પ્રથમ પ્રદેશ **આંદમાન નિકોબાર** જ હતો.
- શ્રી સુભાષચંદ્ર બોઝે **આંદમાન દ્વીપનું** નામ બદલીને **'શહીદ દ્વીપ'** અને **નિકોબાર દ્વીપનું** નામ બદલીને **'સ્વરાજ દ્વીપ'** રાખ્યું હતું. અને તેમણે INAના જનરલ **શ્રી એ. ડી. લોગનાથન**ને તેના શાસક નિયુક્ત કર્યા હતા.

## શ્રી સુભાષચંદ્ર બોઝે તિરંગો લહેરાવ્યાના 75 વર્ષની ઉજવણી




તાજેતરમાં **30 ડિસેમ્બર, 2018**ના રોજ– શ્રી સુભાષચંદ્ર બોઝે આંદમાન નિકોબારના પોર્ટબ્લેર ખાતે પ્રથમ વખત તિરંગો લહેરાવ્યો તેને **75 વર્ષ** પૂર્ણ થયા છે.

- આ પ્રસંગે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** આંદમાન નિકોબારના **પોર્ટબ્લેર** ખાતે આવેલા **નેતાજી સ્ટેડિયમ**માં **150 ફૂટ ઊંચો** તિરંગો ફરકાવ્યો હતો.
- આ પ્રસંગે તેમણે શ્રી સુભાષચંદ્ર બોઝની સ્મૃતિમાં એક ટપાલ ટિકિટ, ફર્સ્ટ કવર અને **રૂ. 75ના સ્મારક સિક્કાનું** અનાવરણ પણ કર્યું હતું.
- તેમજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **આંદમાન નિકોબાર**માં **શ્રી સુભાષચંદ્ર બોઝ**ના નામે **એક ડીમ્ડ યુનિવર્સિટી** સ્થાપવાની જાહેરાત પણ કરી હતી.
- આ ઉપરાંત આ પ્રસંગે વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંદમાન નિકોબાર**ના **ત્રણ ટાપુઓ**ના નામ બદલીને **નવા નામ** રાખવાની જાહેરાત કરી હતી.

### ત્રણ ટાપુના નવા નામ

| ક્રમ | ટાપુ | નવું નામ |
|---|---|---|
| 1 | રોસ દ્વીપ | નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ |
| 2 | નીલ દ્વીપ | શહીદ દ્વીપ |
| 3 | હેવલોક દ્વીપ | સ્વરાજ દ્વીપ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહાત્મા ગાંધીજીને રાષ્ટ્રપિતાનું બિરુદ

મહાત્મા ગાંધીજીને 'રાષ્ટ્રપિતા'નું બિરુદ શ્રી સુભાષચંદ્ર બોઝે જ આપ્યું હતું.

- આ માટે 6 જુલાઈ, 1944ના રોજ રંગૂનથી આઝાદ હિન્દ રેડિયો પર પોતાના ભાષણમાં તેમણે કહ્યું હતું કે, "ભારતની આઝાદીના આ પવિત્ર યુદ્ધમાં ભારતના 'રાષ્ટ્રપિતા'ના ચરણોમાં વંદન. દેશની આઝાદી માટે આપના આશીર્વાદ જોઈએ છે."

## નેતાજીનું નિધન

શ્રી સુભાષચંદ્ર બોઝ 18 ઓગસ્ટ, 1945ના રોજ શ્રી હબીબ ઉર રહેમાન સાથે ટોકિયો જવા નીકળ્યા હતા. પરંતુ તાઈવાન પાસેના ફોર્મોસા ટાપુ પર તેમના વિમાનને આગ લાગતા રહસ્યમય સંજોગોમાં તેમનું મૃત્યુ થયું હતું.

નોંધ :(1) શ્રી સુભાષચંદ્ર બોઝે આપેલો 'જય હિન્દ'નો નારો ભારતનો 'રાષ્ટ્રીય નારો' બની ગયો છે.

(2) 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'નો નારો પણ શ્રી સુભાષચંદ્ર બોઝે જ આપ્યો હતો.

## નેતાજી સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન અને ક્રાંતિ મંદિર

23 જાન્યુઆરી, 2019ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની 122મી જન્મજયંતી નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લામાં 'નેતાજી સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલય'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.



- આ પ્રસંગે તેમણે લાલ કિલ્લામાં કુલ ચાર સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું :
  (1) નેતાજી સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલય
  (2) આઝાદ હિંદ ફોજ સંગ્રહાલય
  (3) યાદ–એ–જલિયાં સંગ્રહાલય (જલિયાંવાલા બાગ હત્યાકાંડ અંગે)
  (4) પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ 1857 અંગેનું સંગ્રહાલય
- આ ચારેય સંગ્રહાલય ઉપરાંત અહીં આવેલા 450થી વધુ કલા કૃતિઓવાળા દૃશ્ય સંગ્રહાલયને સંયુક્ત રીતે "ક્રાંતિ મંદિર" નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રથમ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2019

23 જાન્યુઆરી, 2019ના રોજ ભારત સરકાર દ્વારા શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે 'પ્રથમ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપત્તિ વ્યવસ્થાપન) એવોર્ડ 2019'ની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત વર્ષ 2019થી શરૂ થયેલો આ પ્રથમ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2019 ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતે આવેલી NDRFની 8મી બટાલિયનને એનાયત થયો છે.

## NDRFની 8મી બટાલિયન

National Disaster Response Force (NDRF)ની આ 8મી બટાલિયનની રચના 2006માં થઈ હતી.

- આ નિષ્ણાત રેસ્ક્યુ અને રિસ્પોન્સ ફોર્સના કાર્યક્ષેત્રમાં ઉત્તરાખંડ, હરિયાણા, પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR)નો સમાવેશ થાય છે.

- NDRFની 8મી બટાલિયનને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ઉપરોક્ત પુરસ્કાર એનાયત થયો છે.
- NDRFની 8મી બટાલિયને મુખ્યત્વે 314 જેટલા બચાવ કાર્યોમાં ભાગ લઈને 50,000થી વધુ લોકોને બચાવ્યા છે.
- તાજેતરમાં કેરળમાં આવેલા પૂર દરમિયાન આ બટાલિયને 5338 લોકોને બચાવ્યા હતા અને 24,000 જેટલા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડયા હતા.
- આ બટાલિયને નેપાળ, જાપાન તથા ઈન્ડોનેશિયા જેવા દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આપત્તિ વ્યવસ્થાપનની પ્રસંશનીય કામગીરી કરી છે.
- રાહત અને બચાવ કાર્ય ઉપરાંત NDRFની આ 8મી બટાલિયને SDRF, NCC, સિવિલ ડિફેન્સ, હોમગાર્ડ, નહેરુ યુવા કેન્દ્ર સંગઠન તથા નેપાળ પોલીસને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટ્રેઈનિંગ પણ આપી છે.


### સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની સલાહ અનુસાર ભારત સરકાર દ્વારા વર્ષ 2019થી દર વર્ષે **શ્રી સુભાષચંદ્ર બોઝ**ના **જન્મદિન 23 જાન્યુઆરી**ના રોજ **'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (અથવા તો આપદા પ્રબંધન કે આપત્તિ વ્યવસ્થાપન) એવોર્ડ'**ની જાહેરાત કરવામાં આવશે.

- ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની વિશિષ્ટ કામગીરી બદલ ભારતીય નાગરિક અથવા તો સંસ્થાને દર વર્ષે આ એવોર્ડ એનાયત થશે.
- આ એવોર્ડ અંતર્ગત રૂ. 51 લાખ રોકડ ધનરાશી અને એક પ્રમાણપત્ર આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ હોકીના લેજન્ડરી ખેલાડી અને ઈન્ડિયન એરફોર્સના ગ્રૂપ કેપ્ટન શ્રી રઘબીર સિંહ ભોલાનું નિધન



**ભારતીય હોકીના લેજન્ડરી ખેલાડી અને ઈન્ડિયન એરફોર્સ**ના ગ્રૂપ કેપ્ટન **શ્રી રઘબીર સિંહ ભોલા**નું તાજેતરમાં 92 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 21 ઓગસ્ટ, 1927ના રોજ વર્તમાન પાકિસ્તાનના મુલતાન ખાતે થયો હતો.
- તેઓ 1956ના મેલબોર્ન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ અને 1960ના રોમ ઓલિમ્પિકસમાં સિલ્વર મેડલ જીતનારી ભારતીય હોકી ટીમના ખેલાડી હતા.
- તેમણે ભારતીય હોકી ફેડરેશનના સિલેક્ટર, હોકીના આંતરરાષ્ટ્રીય અમ્પાયર, ભારતીય હોકી ટીમના મેનેજર તથા હોકીના ટીવી કોમેન્ટેટર ઉપરાંત ઓલિમ્પિક ગેમ્સમાં ભારત સરકારના નિરીક્ષક જેવી અનેક મહત્ત્વની જવાબદારી નિભાવી હતી.
- વર્ષ 2000માં તેમની સિદ્ધિઓ બદલ તેમને **'અર્જુન એવોર્ડ'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ICE Questions

1. ભારતમાં દર વર્ષે 23 જાન્યુઆરીની કયા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે ?
   (A) રાષ્ટ્રીય રકતદાન દિન (B) રાષ્ટ્રીય પ્રેમ દિન
   (C) રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન (D) આઝાદ હિંદ ફોજ દિન **(C)**

2. ભારતમાં કયા મહાન વ્યક્તિના જન્મદિનને 'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?
   (A) શ્રી મહાત્મા ગાંધી (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
   (C) શ્રી રાસબિહારી બોઝ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ **(D)**

3. શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ કયારે અને કયાં થયો હતો ?
   (A) 23 જાન્યુઆરી, 1887 ; કટક (B) 23 જાન્યુઆરી, 1897 ; કટક
   (C) 23 જાન્યુઆરી, 1887 ; મહુ (D) 23 જાન્યુઆરી, 1897 ; મહુ **(B)**

4. ઈ.સ. 1938નું કોંગ્રેસ અધિવેશન કયાં અને કોની અધ્યક્ષતામાં ભરાયું હતું ?
   (A) શ્રી રાસબિહારી બોઝ ; હરિપુરા (B) શ્રી સુભાષચંદ્ર બોઝ ; અમદાવાદ
   (C) શ્રી રાસબિહારી બોઝ ; અમદાવાદ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ ; હરિપુરા **(D)**

5. ફોરવર્ડ બ્લોકની સ્થાપના કયારે અને કોણે કરી હતી ?
   (A) 3 મે, 1939 ; શ્રી સુભાષચંદ્ર બોઝ (B) 3 મે, 1939 ; એની બેસન્ટ
   (C) 3 મે, 1941 ; શ્રી સુભાષચંદ્ર બોઝ (D) 3 મે, 1941 ; એની બેસન્ટ **(A)**

6. શ્રી સુભાષચંદ્ર બોઝે 5 જુલાઈ, 1943ના રોજ સિંગાપોરથી આઝાદ હિંદ ફોજને કયો નારો આપ્યો હતો ?
   (A) દિલ્હી જીત લો (B) દિલ્હી ચલો (C) આઝાદી લે કે રહેંગે (D) કરો યા મરો **(B)**

7. શ્રી સુભાષચંદ્ર બોઝે ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપના કયારે અને કયાં કરી હતી ?
   (A) 23 જાન્યુઆરી, 1943 ; સિંગાપોર (B) 23 જાન્યુઆરી, 1943 ; જર્મની
   (C) 21 ઓક્ટોબર, 1943 ; જર્મની (D) 21 ઓક્ટોબર, 1943 ; સિંગાપોર **(D)**

8. તાજેતરમાં 21 ઓક્ટોબર, 2018ના રોજ આઝાદ હિંદ સરકારની સ્થાપનાને .........વર્ષ પૂર્ણ થયાના સમ્માનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી તિરંગો લહેરાવ્યો હતો.
   (A) 50 (B) 75 (C) 100 (D) 125 **(B)**

9. તાજેતરમાં ડિસેમ્બર 2018માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની આંદમાન–નિકોબાર દ્વીપ સમૂહની મુલાકાત દરમિયાન ત્રણ ટાપુઓના નવા નામની જાહેરાત કરી તેને યોગ્ય રીતે જોડો.

| | ટાપુ | | નવું નામ |
|---|---|---|---|
| (a) | રોસ દ્વીપ | (1) | સ્વરાજ દ્વીપ |
| (b) | નીલ દ્વીપ | (2) | શહીદ દ્વીપ |
| (c) | હેવલોક દ્વીપ | (3) | નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ |

   (A) a-3, b-2, c-1, (B) a-1, b-2, c-3 (C) a-1, b-3, c-2 (D) a-3, b-1, c-2 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

**10.** તાજેતરમાં કયા ભૂતપૂર્વ ભારતીય હોકી ખેલાડી અને ઈન્ડિયન એરફોર્સના ગ્રૂપ કેપ્ટનનું નિધન થયું છે ?

(A) શ્રી રઘુવીર સિંહ ભોલા (B) શ્રી રઘબીર સિંહ ભોલા

(C) શ્રી રણવીર સિંહ ભોલા (D) શ્રી રામવીર સિંહ ભોલા **(B)**

**11.** તાજેતરમાં અવસાન પામેલા શ્રી રઘબીર સિંહ ભોલાને વર્ષ 2000માં ભારત સરકાર દ્વારા કયા એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) ભારત રત્ન (B) રાજીવ ગાંધી ખેલ રત્ન

(C) અર્જુન એવોર્ડ (D) દ્રોણાચાર્ય એવોર્ડ **(C)**

**12.** શ્રી રઘબીર સિંહ ભોલાનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ નીચેનામાંથી કઈ રમત સાથે સંકળાયેલા હતા ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ (C) હોકી (D) બેડમિન્ટન **(C)**

**13.** તાજેતરમાં 23 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘નેતાજી સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલય’નું ઉદ્દઘાટન કઈ જગ્યાએ કર્યું છે ?

(A) કટક, ઓડિશા (B) કોલકાતા, પશ્ચિમ બંગાળ

(C) પોર્ટબ્લેર, આંદમાન–નિકોબાર (D) લાલ કિલ્લો, નવી દિલ્હી **(D)**

**14.** તાજેતરમાં 23 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લામાં ‘નેતાજી સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલય’ સહિત કુલ ચાર સંગ્રહાલયનું ઉદ્દઘાટન કર્યું હતું...આ ચારેય સંગ્રહાલયને સંયુક્ત રીતે શું નામ આપવામાં આવ્યું છે ?

(A) કલા મંદિર (B) ક્રાંતિ મંદિર (C) શૌર્ય મંદિર (D) શહીદ મંદિર **(B)**

**15.** તાજેતરમાં વર્ષ 2019નો પ્રથમ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) NDRFની 5મી બટાલિયન (B) NDRFની 8મી બટાલિયન

(C) NDRFની 11મી બટાલિયન (D) NDRFની 18મી બટાલિયન **(B)**

**16.** ‘સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ’ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

(i) વર્ષ 2019થી દર વર્ષે 23 જાન્યુઆરીના રોજ આ એવોર્ડ વિજેતાની જાહેરાત થશે.

(ii) ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં વિશિષ્ટ કામગીરી બદલ ભારતના કોઈપણ નાગરિક કે સંસ્થાને આ પુરસ્કાર એનાયત થશે.

(iii) આ એવોર્ડ અંતર્ગત વિજેતાને રૂ. 51 લાખ રોકડ ધનરાશિ, એક પ્રમાણપત્ર અને શ્રી સુભાષચંદ્ર બોઝનું સ્મૃતિ ચિહ્ન આપવામાં આવશે.

(A) i, ii, iii (B) i, ii (C) ii, iii (D) i, iii **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**24 JANUARY, 2019 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 24 જાન્યુઆરી, વિશ્વ શિક્ષણ દિવસ તથા રાષ્ટ્રીય બાલિકા દિવસ

### વિશ્વ શિક્ષણ દિવસ

તાજેતરમાં 24 જાન્યુઆરી, 2019ના રોજ 'પ્રથમ વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'પ્રથમ આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 3 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.
- 'વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી માટેનો આ પ્રસ્તાવ નાઈજીરિયા સહિત 58 દેશોએ તૈયાર કર્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિશ્વ શાન્તિ તથા વિશ્વના વિકાસમાં શિક્ષણની ભૂમિકાને ઉજાગાર કરવાનો છે.

**નોંધ :** 'વિશ્વ શિક્ષણ દિવસ' 24 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવશે, જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' 11 નવેમ્બરના રોજ ઉજવાય છે.

### રાષ્ટ્રીય બાલિકા દિવસ (National Girl Child Day)

ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં છોકરીઓ પ્રત્યેના ભેદભાવ દૂર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં નારી શક્તિના પ્રતીક એવા શ્રીમતી ઈન્દિરા ગાંધી સૌપ્રથમ 24 જાન્યુઆરીના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા. આથી 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2019ની 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની થીમ 'Empowering Girls for a Brighter Tomorrow' (એટલે કે 'ઉજ્જવળ ભવિષ્ય માટે છોકરીઓનું સશક્તિકરણ') છે.

**નોંધ :** ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'વિશ્વ બાલિકા દિવસ' 11 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ 15મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન

તાજેતરમાં ભારતમાં 21થી 23 જાન્યુઆરી, 2019 દરમિયાન ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે 15મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### આ સંમેલનના મુખ્ય આયોજનો અને તેનું ઉદ્‌ઘાટન

આ અંતર્ગત 21 જાન્યુઆરી, 2019ના રોજ 'યુવા પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- ભારતના વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજે ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આવેલા દીનદયાળ હસ્તકલા સંકુલમાં આ 'યુવા પ્રવાસી ભારતીય દિવસ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- જ્યારે 22 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદકુમાર જુગનાથની ઉપસ્થિતિમાં પ્રવાસી ભારતીય દિવસના પૂર્ણ સત્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- અને 23 જાન્યુઆરી, 2019ના રોજ આ સંમેલનના સમાપન સત્રમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે શ્રીમતી ગીતા ગોપીનાથ સહિત 30 મહાનુભાવોને 'પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર'થી સન્માનિત કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




### આ સંમેલનના મુખ્ય અતિથિ

મોરેશિયસના ભારતીય મૂળના વડાપ્રધાન શ્રી પ્રવિંદકુમાર જુગનાથ આ સંમેલનના 'મુખ્ય અતિથિ' હતા.

- આ પ્રસંગે શ્રી પ્રવિંદકુમાર જુગનાથે 'પ્રથમ આંતરરાષ્ટ્રીય ભોજપુરી ઉત્સવ'નું આયોજન મોરેશિયસમાં કરવાની જાહેરાત કરી હતી.

### 15મા પ્રવાસી ભારતીય દિવસની થીમ

15મા પ્રવાસી ભારતીય દિવસની થીમ 'Role of Indian Diaspora In Building New India' (એટલે કે 'નવા ભારતના નિર્માણમાં પ્રવાસી ભારતીયની ભૂમિકા') છે.

## ભારતમાં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન

વિદેશમાં રહેતા અનેક ભારતીય વ્યક્તિઓનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે.

- ભારતના વિકાસમાં યોગદાન આપનાર આ વિદેશી ભારતીયો પ્રત્યે 'પ્રવાસી ભારતીય દિવસ'ના રોજ સન્માન વ્યક્ત કરવામાં આવે છે.
- પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ દેશ ભારત સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- આ માટે વર્ષ 2003થી વર્ષ 2015 સુધી **દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ સંમેલન'**નું આયોજન કરવામાં આવતું હતું.
- વર્ષ 2015 બાદ આ સંમેલન **દર બે વર્ષે** યોજાય છે.
- આ અંતર્ગત તાજેતરમાં **21થી 23 જાન્યુઆરી, 2019** દરમિયાન **ઉત્તરપ્રદેશ**ના **વારાણસી** ખાતે **15મું પ્રવાસી ભારતીય સંમેલન** યોજાયું હતું.
- **ઉત્તરપ્રદેશ**ના **પ્રયાગરાજ**માં તાજેતરમાં 15 જાન્યુઆરીથી 4 માર્ચ સુધી યોજાઈ રહેલા અર્ધકુંભમેળાને ધ્યાનમાં રાખીને **15મા પ્રવાસી ભારતીય સંમેલન**નું આયોજન **ઉત્તરપ્રદેશ**ના **વારાણસી** ખાતે કરવામાં આવ્યું હતું.
- સામાન્ય રીતે પ્રવાસી ભારતીય દિવસ સંમેલન **7થી 9 જાન્યુઆરી** દરમિયાન જ યોજાય છે.
- જોકે, આ સંમેલનમાં ભાગ લેવા માટે આવતા વિદેશી ભારતીયો કુંભ મેળાનો અને પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો લાભ લઈ શકે તે માટે આ વર્ષે 15મું પ્રવાસી ભારતીય સંમેલન 21થી 23 જાન્યુઆરી દરમિયાન યોજાયું હતું.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ **2017**માં **14મું પ્રવાસી ભારતીય સંમેલન કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે યોજાયું હતું.

(2) જ્યારે વર્ષ **2015**માં **13મું પ્રવાસી ભારતીય સંમેલન ગુજરાત**માં **ગાંધીનગર** ખાતે યોજાયું હતું. ગુજરાતમાં યોજાયેલું આ એકમાત્ર પ્રવાસી ભારતીય સંમેલન છે.

(3) શ્રી મહાત્મા ગાંધીજી ભારત પરત ફર્યા તેની **100 વર્ષ**ની ઉજવણી નિમિત્તે આ સંમેલન ગુજરાતમાં યોજાયું હતું.

## પ્રવાસી ભારતીય દિવસ વેબસાઈટ

તાજેતરમાં 15 સપ્ટેમ્બર, 2018ના રોજ ભારતના વિદેશમંત્રી **શ્રીમતી સુષ્મા સ્વરાજ** અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી **શ્રી યોગી આદિત્યનાથે** 15મા પ્રવાસી ભારતીય દિવસ 2019 માટેની **વેબસાઈટ** લોન્ચ કરી હતી.

- પ્રવાસી ભારતીય સંમેલનમાં ભાગ લેવા માટે વિદેશી ભારતીયો પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકે તે માટે **pbdindia.gov.in** નામની આ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી.

## પ્રવાસી ભારતીય દિવસ

**9 જાન્યુઆરી, 1915**ના રોજ **શ્રી મહાત્મા ગાંધીજી** દક્ષિણ આફ્રિકાથી ભારતના **મુંબઈ** ખાતે પરત આવ્યા હતા.

- આથી તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે **9 જાન્યુઆરી**ના રોજ **'પ્રવાસી ભારતીય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ વર્ષ **2003**થી થયો હતો.
- ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી **શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિ**ની ભલામણ અનુસાર કરવામાં આવે છે.
- શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણને આધારે **8 જાન્યુઆરી, 2002**ના રોજ **નવી દિલ્હી**ના **વિજ્ઞાન ભવન** ખાતેથી **શ્રી અટલ બિહારી વાજપાઈ**એ 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ **2003**થી દર વર્ષે **9 જાન્યુઆરી**ના રોજ આ દિવસ ઉજવાય છે.

**નોંધ :** શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

## ➤ ICC ક્રિકેટ એવોર્ડ 2018 : શ્રી વિરાટ કોહલીની વિશિષ્ટ સિદ્ધિ

22 જાન્યુઆરી, 2019ના રોજ ICC (International Cricket Council) દ્વારા વર્ષ 2018ના એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

- 1 જાન્યુઆરી, 2018થી 31 ડિસેમ્બર, 2018 સુધીના વિવિધ ખેલાડીઓના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ એવોર્ડ એનાયત થયા છે.

### શ્રી વિરાટ કોહલીની વિશિષ્ટ સિદ્ધિ

આ અંતર્ગત ભારતના શ્રી વિરાટ કોહલીને (1) ક્રિકેટર ઓફ દ યર (2) ટેસ્ટ પ્લેયર ઓફ દ યર અને (3) વન ડે પ્લેયર ઓફ દ યરનો એવોર્ડ એનાયત થયો છે.

- આ સાથે જ શ્રી વિરાટ કોહલી એક સાથે ICCના ત્રણ મેજર વ્યક્તિગત એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- ઉપરોક્ત ત્રણ એવોર્ડ ઉપરાંત શ્રી વિરાટ કોહલીને ICCની વન ડે તથા ટેસ્ટ ટીમ એમ બંને ટીમના કેપ્ટન પણ જાહેર કરવામાં આવ્યા છે.
- આથી, શ્રી વિરાટ કોહલીને ત્રણ મેજર એવોર્ડ અને વન ડે તથા ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકેનું સન્માન મળીને વર્ષ 2018ના ICC એવોર્ડમાં કુલ પાંચ સન્માન મળ્યા છે. આવી સિદ્ધિ મેળવનાર પણ શ્રી વિરાટ કોહલી વિશ્વના પ્રથમ ખેલાડી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતના અન્ય ક્રિકેટરને મળેલો વર્ષ 2018નો ICC એવોર્ડ

શ્રી વિરાટ કોહલી ઉપરાંત ભારતના શ્રી રિષભ પંતને વર્ષ 2018નો ICCનો 'ઇમર્જિંગ પ્લેયર ઓફ દ યર' એવોર્ડ એનાયત થયો છે.

- જ્યારે ભારતના મહિલા ક્રિકેટર શ્રીમતી સ્મૃતિ માંધાનાને 'વિમેન્સ ક્રિકેટર ઓફ દ યર' તથા 'વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ દ યર' એમ કુલ બે પુરસ્કાર એનાયત થયા છે.





## ICC એવોર્ડ 2018

| ક્રમ | એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | ક્રિકેટર ઓફ ધ યર | શ્રી વિરાટ કોહલી | ભારત |
| 2 | ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર | શ્રી વિરાટ કોહલી | ભારત |
| 3 | વન ડે પ્લેયર ઓફ ધ યર | શ્રી વિરાટ કોહલી | ભારત |
| 4 | ટી-20 ઈન્ટરનેશનલ પર્ફોર્મન્સ ઓફ ધ યર | શ્રી એરોન ફિન્ચ | ઓસ્ટ્રેલિયા |
| 5 | એસોશિયેટ પ્લેયર ઓફ ધ યર | શ્રી કોલમ મેકલેઓડ | સ્કોટલેન્ડ |
| 6 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર | શ્રી રિષભ પંત | ભારત |
| 7 | વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર | શ્રીમતી સ્મૃતિ માંધાના | ભારત |
| 8 | વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર | શ્રીમતી સ્મૃતિ માંધાના | ભારત |
| 9 | વિમેન્સ ટી-20 ક્રિકેટર ઓફ ધ યર | શ્રીમતી એલિસા હિલી | ઓસ્ટ્રેલિયા |
| 10 | સ્પિરિટ ઓફ ક્રિકેટ | શ્રી કેન વિલિયમ્સન | ન્યુઝીલેન્ડ |
| 11 | અમ્પાયર ઓફ ધ યર | શ્રી કુમાર ધર્મસેના | શ્રીલંકા |
| 12 | ફેન્સ મોમેન્ટ ઓફ ધ યર | ભારતનો અંડર-19 વર્લ્ડ કપમાં વિજય | |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICC ક્રિકેટ ટીમ 2018માં સમાવેશ પામેલ ભારતીય ખેલાડીઓ

**ICC દ્વારા જાહેર કરવામાં આવેલ વર્ષ 2018ની ટેસ્ટ ઈલેવન અને વન ડે ઈલેવન ઓફ ધ યરમાં સ્થાન મેળવનાર ભારતીય ક્રિકેટરોના નામ આ પ્રમાણે છે :**

### ICC ટેસ્ટ ટીમ ઓફ ધ યર 2018

| ક્રમ | ક્રિકેટરનું નામ |
|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી (કેપ્ટન) |
| 2 | શ્રી રિષભ પંત (વિકેટ કીપર) |
| 3 | શ્રી જસપ્રિત બુમરાહ |

### ICC વન ડે ટીમ ઓફ ધ યર 2018

| ક્રમ | ક્રિકેટરનું નામ |
|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી (કેપ્ટન) |
| 2 | શ્રી રોહિત શર્મા |
| 3 | શ્રી કુલદીપ યાદવ |
| 4 | શ્રી જસપ્રિત બુમરાહ |

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2017ના ICC એવોર્ડમાં શ્રી વિરાટ કોહલીને 'ક્રિકેટર ઓફ ધ યર' અને 'વન ડે ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ એનાયત થયા હતા. આ ઉપરાંત તેમને વર્ષ 2017ની વન ડે ટીમ ઓફ ધ યર અને ટેસ્ટ ટીમ ઓફ ધ યરના કેપ્ટન પણ બનાવાયા હતા.

(2) શ્રી વિરાટ કોહલીને ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ માટે 'સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી' એનાયત થશે.

(3) ICC દ્વારા 'ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ' વિજેતા ખેલાડીને 'સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી' એનાયત કરવામાં આવે છે.

### ભારતીય ક્રિકેટર અને તેમનું જન્મ સ્થળ

| ક્રમ | ક્રિકેટરનું નામ | જન્મ સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી વિરાટ કોહલી | નવી દિલ્હી | દિલ્હી |
| 2 | શ્રી રિષભ પંત | રૂરકી | ઉત્તરાખંડ |
| 3 | શ્રીમતી સ્મૃતિ માંધાના | મુંબઈ | મહારાષ્ટ્ર |
| 4 | શ્રી જસપ્રિત બુમરાહ | અમદાવાદ | ગુજરાત |
| 5 | શ્રી રોહિત શર્મા | નાગપુર | મહારાષ્ટ્ર |
| 6 | શ્રી કુલદીપ યાદવ | કાનપુર | ઉત્તરપ્રદેશ |

## ➤ કાશ્મીરનો બારામુલ્લા જિલ્લો આંતકવાદથી મુક્ત જાહેર

ભારતીય સેના અને જમ્મુ–કાશ્મીર પોલીસે તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લાને **આંતકવાદીઓથી સંપૂર્ણપણે મુક્ત જિલ્લો** જાહેર કર્યો છે.

- બારામુલ્લા કાશ્મીરનો પ્રથમ જિલ્લો છે કે જયાં સુરક્ષાદળોએ તમામ આતંકીઓનો સફાયો કરી દીધો છે.
- આજથી 30 વર્ષ પૂર્વે જમ્મુ–કાશ્મીરમાં આતંકવાદની શરૂઆત બારામુલ્લા જિલ્લાથી જ થઈ હતી.
- બારામુલ્લા આતંકથી પ્રભાવિત થનાર જમ્મુ–કાશ્મીરનો પ્રથમ જિલ્લો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. તાજેતરમાં પ્રથમ 'વિશ્વ શિક્ષણ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 11 નવેમ્બર (B) 24 નવેમ્બર (C) 11 જાન્યુઆરી (D) 24 જાન્યુઆરી — **(D)**

2. તાજેતરમાં ભારતમાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 22 જાન્યુઆરી (B) 23 જાન્યુઆરી (C) 24 જાન્યુઆરી (D) 25 જાન્યુઆરી — **(C)**

3. ભારતમાં 21થી 23 જાન્યુઆરી, 2019 દરમિયાન કેટલામા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) 14મા (B) 15મા (C) 16મા (D) 17મા — **(B)**

4. ભારતમાં 15મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન કયાં યોજવામાં આવ્યું હતું ?
(A) નવી દિલ્હી (B) ભૂવનેશ્વર (C) લખનૌ (D) વારાણસી — **(D)**

5. 15મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલન અંતર્ગત 21 જાન્યુઆરી, 2019ના રોજ કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) યુવા શક્તિ દિવસ (B) યંગ ઈન્ડિયા દિવસ
(C) યુવા પ્રવાસી ભારતીય દિવસ (D) યુવા સ્વાવલંબન દિવસ — **(C)**

6. તાજેતરમાં 21 જાન્યુઆરી, 2019ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આવેલા દીનદયાળ હસ્તકલા સંકુલમાં 'યુવા પ્રવાસી ભારતીય દિવસ'નું ઉદ્ઘાટન કોણે કર્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રીમતી સુષ્મા સ્વરાજ
(C) શ્રી પ્રવિંદકુમાર જુગનાથ (D) શ્રીમતી સુમિત્રા મહાજન — **(B)**

ICE Questions

7. 21 થી 23 જાન્યુઆરી, 2019 દરમિયાન ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે યોજાયેલા 15મા પ્રવાસી ભારતીય સંમેલનના 'મુખ્ય અતિથિ' કોણ હતા ?
(A) શ્રી ડોરાન્ડો ક્યુબે (B) શ્રી એન્ટિનિયો ગુટેરશે
(C) શ્રી સિરીલ રામાફોસા (D) શ્રી પ્રવિંદકુમાર જુગનાથ
**(D)**

8. તાજેતરમાં 22 જાન્યુઆરી, 2019ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આવેલા દીનદયાળ હસ્તકલા સંકુલમાં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના પૂર્ણ કાલીન સત્રનું કોણે ઉદઘાટન કર્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી યોગી આદિત્યનાથ (D) શ્રીમતી સુષ્મા સ્વરાજ
**(A)**

9. તાજેતરમાં યોજાયેલા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદકુમાર જુગનાથે આ સંમેલનમાં મોરેશિયસમાં કયો પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉત્સવ ઉજવવાની જાહેરાત કરી હતી ?
(A) ભોજપુરી ઉત્સવ (B) ભારતીય ચલચિત્ર ઉત્સવ
(C) બોલિવુડ ઉત્સવ (D) હોલિવુડ ઉત્સવ
**(A)**

10. તાજેતરમાં યોજાયેલા 15મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનની થીમ શું હતી ?
(A) Redefining engagement with the Indian diaspora
(B) Apna Bharat, Apna Gaurav
(C) Engaging Diaspora : Conecting Across Generations.
(D) Role of Indian Diaspora In Building New India.
**(D)**

11. તાજેતરમાં પ્રવાસી ભારતીય દિવસ વેબસાઈટનું લોકાર્પણ કોના દ્વારા થયું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી યોગી આદિત્યનાથ
(C) શ્રીમતી સુષ્મા સ્વરાજ (D) B અને C બંને
**(D)**

12. તાજેતરમાં ICC દ્વારા વિવિધ ખેલાડીઓના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને એનાયત કરવામાં આવેલ વર્ષ 2018ના એવોર્ડ પૈકી નીચેનામાંથી કયો એવોર્ડ ભારતીય ક્રિકેટર શ્રી વિરાટ કોહલીને એનાયત થયો નથી.
(A) ક્રિકેટર ઓફ ધ યર (B) ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર
(C) વન ડે પ્લેયર ઓફ ધ યર (D) ટી-20 પ્લેયર ઓફ ધ યર
**(D)**

13. તાજેતરમાં વર્ષ 2018નો ICCનો 'ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર'નો એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રિષભ પંત
(C) શ્રી જસપ્રિત બુમરાહ (D) શ્રી રોહિત શર્મા
**(B)**

14. તાજેતરમાં વર્ષ 2018નો ICCનો 'વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર' તથા 'વિમેન્સ વન ડે ક્રિકેટર ઓફ ધ યર'નો એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે ?
(A) શ્રીમતી એલિસા હિલી (B) શ્રીમતી મિતાલી રાજ
(C) શ્રીમતી દિપ્તી શર્મા (D) શ્રીમતી સ્મૃતિ માંધાના
**(D)**

15. તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના કયા જિલ્લાને આતંકવાદથી મુક્ત જાહેર કરવામાં આવ્યો છે ?
(A) પુલવામા (B) અનંતનાગ (C) બારામુલ્લા (D) કુપવાડા
**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**25 JANUARY, 2019 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 25 જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાર દિન

ભારતમાં યુવા મતદાતાઓને જાગૃત કરવા માટે દર વર્ષે **25 જાન્યુઆરી**ના રોજ **'રાષ્ટ્રીય મતદાર દિવસ' (National Voter's Day)**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણીનો પ્રારંભ **25 જાન્યુઆરી, 2011**ના રોજ ભારતના મહિલા રાષ્ટ્રપતિ **શ્રીમતી પ્રતિભાદેવી પાટિલે** કરાવ્યો હતો.
- ત્યારબાદ દર વર્ષે **25 જાન્યુઆરી**ના રોજ ભારતમાં **'રાષ્ટ્રીય મતદાર દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ પ્રસંગે દર વર્ષે **25 જાન્યુઆરી**ના રોજ ચૂંટણી પંચ દ્વારા નવા મતદારોને તેમનું ચૂંટણી કાર્ડ આપવામાં આવે છે.

### વર્ષ 2019ની રાષ્ટ્રીય મતદાર દિવસની થીમ

તાજેતરમાં વર્ષ 2019ના **નવમા** રાષ્ટ્રીય મતદાર દિવસની થીમ **'No Voter to be Left Behind' (એટલે કે 'કોઈ મતદાર બાકી ન રહેવો જોઈએ')** છે.

## ➤ ISROએ લોન્ચ કર્યો વિશ્વનો સૌથી હલ્કો સેટેલાઇટ કલામસેટ-V2

તાજેતરમાં ઈસરો દ્વારા **વિશ્વનો સૌથી હલ્કો ઉપગ્રહ કલામસેટ-V2** લોન્ચ કરવામાં આવ્યો છે.

- ફક્ત **રૂ. 12 લાખ**ના ખર્ચે તૈયાર થયેલા આ સેટેલાઈટનું વજન **1.2 કિલોગ્રામ** છે.
- **આંધ્રપ્રદેશ**ના **શ્રી હરિકોટા** ખાતે આવેલા **સતીશ ધવન સ્પેશ સેન્ટર** ખાતેથી **PSLV-C44** નામના રોકેટ દ્વારા આ ઉપગ્રહને લોન્ચ કરવામાં આવ્યો છે.
- **'કલામસેટ-V2'** એ **કોમ્યુનિકેશન (સંચાર) ઉપગ્રહ** છે. અને તેનો ઉપયોગ રેડિયો ટ્રાંસમિશન તથા વાયરલેસ કોમ્યુનિકેશન માટે કરવામાં આવશે.
- આ ઉપગ્રહનું નિર્માણ ચેન્નાઈ બેઝ્ડ સ્પેસ એજ્યુકેશન ફર્મ **"સ્પેસ કિડ્ઝ ઈન્ડિયા"ના વિદ્યાર્થીઓ** દ્વારા કરવામાં આવ્યું છે.
- આ ઉપગ્રહને ભારતના પૂર્વ વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ **ડો. એ. પી. જે. અબ્દુલ કલામ**ના નામ પરથી **'કલામસેટ-V2'** નામ આપવામાં આવ્યું છે.
- આ ઉપગ્રહનો કાર્યકાળ 2 થી 6 મહિના સુધીનો છે.
- આ મિશનની મુખ્ય વિશેષતા એ હતી કે **'કલામસેટ-V2'** ઉપગ્રહને ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવા માટે **PSLV-C44** નામના આ રોકેટના **ચોથા સ્ટેજનો** ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ સાથે જ ભારત સૂક્ષ્મ–ગુરૂત્વાકર્ષણ સંબંધિત પ્રયોગો માટે ભ્રમણકક્ષાના પ્લેટફોર્મ તરીકે **સ્પેસ રોકેટના ચોથા તબક્કા**નો ઉપયોગ કરનાર **વિશ્વનો પ્રથમ દેશ** બની ગયો છે.

### માઈક્રોસેટ-R

ઈસરો દ્વારા **PSLV-C44** નામના રોકેટ દ્વારા **'કલામસેટ-V2'** ઉપરાંત **'માઈક્રોસેટ-R'** નામનો **ઈમેજિંગ સેટેલાઈટ** પણ લોન્ચ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ પ્રસિદ્ધ હિન્દી લેખિકા શ્રીમતી કૃષ્ણા સોબ્તીનું નિધન



હિન્દી ભાષાના પ્રસિદ્ધ વાર્તાકાર, નવલકથાકાર તથા નિબંધ લેખિકા **શ્રીમતી કૃષ્ણા સોબ્તીનું** તાજેતરમાં **નવી દિલ્હી** ખાતે 93 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 18 ફેબ્રુઆરી, 1925ના રોજ વર્તમાન **પાકિસ્તાન**ના **પંજાબ** પ્રાંતના **ગુજરાત** નામના શહેરમાં થયો હતો.
- તેમને **1980**માં **'જિન્દગીનામા'** નવલકથા માટે **'સાહિત્ય અકાદમી પુરસ્કાર'** એનાયત થયો હતો.
- **1996**માં તેમને **'સાહિત્ય અકાદમી ફેલોશિપ'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ **2017**માં તેમને ભારતનો સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર **'જ્ઞાનપીઠ એવોર્ડ'** એનાયત થયો હતો.
- આ ઉપરાંત **2008**માં **'સમય'** નવલકથા માટે તેમને **'વ્યાસ સન્માન'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- શ્રીમતી કૃષ્ણા સોબ્તીની પ્રસિદ્ધ કૃતિઓમાં જિન્દગીનામા, મિત્રો મરજાની, દિલ–ઓ–દાનિશ, સમય સરગમ, યારોં કે યાર, યે લડકી, નફીસા, બાદલોં કે ઘેરે, સિક્કા બદલ ગયા વગેરેનો સમાવેશ થાય છે.

## ICE ? Questions

**1.** ભારતમાં 'રાષ્ટ્રીય મતદાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જાન્યુઆરી (B) 24 જાન્યુઆરી (C) 25 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી

**(C)**

**2.** વર્ષ 2019ના ભારતના 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની થીમ શું છે ?

(A) Accessible Election (B) Vote for India

(C) Vote for New India (D) No Voter to be left behind

**(D)**

**3.** તાજેતરમાં ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલા વિશ્વના સૌથી હલ્કા ઉપગ્રહનું નામ શું છે ?

(A) કલામસેટ-A2 (B) કલામસેટ-B2 (C) કલામસેટ-K2 (D) કલામસેટ-V2

**(D)**

**4.** તાજેતરમાં ઈસરો દ્વારા શેની મદદથી વિશ્વનો સૌથી હલ્કો સેટેલાઈટ કલામસેટ-V2 લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) GSLV-C44 (B) PSLV-C44 (C) RSLV-C44 (D) K2 SLV

**(B)**

**5.** તાજેતરમાં ઈસરો દ્વારા PSLV-C44ની મદદથી વિશ્વનો સૌથી હલ્કો ઉપગ્રહ કલામસેટ-V2 કયાંથી લોન્ચ કરવામાં આવ્યો છે.?

(A) સતીશ ધવન સ્પેશ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)

(B) સતીશ ધવન સ્પેશ સેન્ટર, શ્રી હરિકોટા (તમિલનાડુ)

(C) સતીશ ધવન સ્પેશ સેન્ટર, શ્રી હરિકોટા (કેરળ)

(D) સતીશ ધવન સ્પેશ સેન્ટર, શ્રી હરિકોટા (ઓડિશા)

**(A)**

## ICE ? Questions

6. તાજેતરમાં ઈસરો દ્વારા PSLV-C44 નામના રોકેટની મદદથી 'કલામસેટ-V2' ઉપરાંત કયો એક અન્ય ઈમેજિંગ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો હતો ?

(A) કલામસેટ-R2 (B) માઈક્રોસેટ-R (C) કલામસેટ-R (D) એમસેટ-R **(B)**

7. તાજેતરમાં શ્રીમતી કૃષ્ણા સોબ્તીનું નિધન થયું છે...તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) રાજકારણ (B) પત્રકારત્વ (C) સંગીત (D) સાહિત્ય **(D)**

8. તાજેતરમાં પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર શ્રીમતી કૃષ્ણા સોબ્તીનું નિધન થયું છે...તેમનો જન્મ કયા શહેરમાં થયો હતો ?

(A) અમદાવાદ (B) મુંબઈ (C) નવી દિલ્હી (D) ગુજરાત **(D)**

9. હિન્દી ભાષાના પ્રસિદ્ધ લેખિકા શ્રીમતી કૃષ્ણા સોબ્તીને નીચેનામાંથી કયો એવોર્ડ એનાયત થયો નથી ?

(A) સાહિત્ય અકાદમી પુરસ્કાર (B) પદ્મ શ્રી

(C) સાહિત્ય અકાદમી ફેલોશિપ (D) જ્ઞાનપીઠ એવોર્ડ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26 JANUARY, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 26 જાન્યુઆરી, રાષ્ટ્રીય પ્રજાસત્તાક દિન તથા વિશ્વ કસ્ટમ દિવસ

#### 70મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

26 જાન્યુઆરી, 2019ના રોજ નવી દિલ્હી સહિત સમગ્ર ભારતમાં <u>70મા પ્રજાસત્તાક પર્વ</u>ની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.

- આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ <u>શ્રી રામનાથ કોવિંદે</u> નવી દિલ્હીમાં રાજપથ ખાતે તિરંગો લહેરાવી સલામી આપી હતી.
- આ ઉપરાંત રાષ્ટ્રપતિ <u>શ્રી રામનાથ કોવિંદે</u> આતંકીમાંથી સૈનિક બની શહીદી વહોરીને કાશ્મીરના યુવાનો માટે ઉદાહરણ રૂપ બનેલા <u>લાન્સ નાયક નઝીર અહમદ વાણી</u>ને મરણોપરાંત 'અશોકચક્ર' એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા.
- **'અશોકચક્ર'**એ શાંતિના સમયમાં સૈનિકોએ ફરજ દરમિયાન બતાવેલી અસાધારણ વીરતા અને બલિદાન માટે આપવામાં આવતું ભારતનું સર્વોચ્ચ સૈન્ય સન્માન છે.



## 70મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ

ભારતમાં 70મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે **દક્ષિણ આફ્રિકા**ના રાષ્ટ્રપતિ **શ્રી માતામેલા સીરિલ રામાફોસા** ઉપસ્થિત રહયા હતા.

- શ્રી સીરિલ રામાફોસાની આ ભારત મુલાકાત દરમિયાન ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે **ત્રણ વર્ષીય વ્યૂહાત્મક કાર્યક્રમ** અંગે સમજૂતી થઈ છે.
- આ ત્રણ વર્ષીય વ્યૂહાત્મક કાર્યક્રમમાં સંરક્ષણ, સલામતી, વેપાર, રોકાણ, સમુદ્રી અર્થતંત્ર, આઈટી, કૃષિ સહિત વિવિધ વિષયો સાથે જોડાયેલા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

## ગુજરાતના ''ઐતિહાસિક દાંડીયાત્રા'' ટેબ્લોનું ભારે આકર્ષણ

26 જાન્યુઆરી, 2019ના રોજ નવી દિલ્હી ખાતે 70મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાત તરફથી **''ઐતિહાસિક દાંડીયાત્રા''** વિષયક ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

- ગુજરાતનું આ ટેબ્લો ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## 70મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી

26 જાન્યુઆરી, 2019ના રોજ ગુજરાતમાં 70મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતના **બનાસકાંઠા જિલ્લા**માં કરવામાં આવી હતી.

- આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ **શ્રી ઓ. પી. કોહલી**એ બનાસકાંઠા જિલ્લાના **પાલનપુર** ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજ લહેરાવીને તેને સલામી આપી હતી.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 182 ફૂટ લાંબો અને 11 ફૂટ પહોળો તિરંગો

26 જાન્યુઆરી, 2019ના રોજ 70મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે ગુજરાતમાં **સ્ટેચ્યુ ઓફ યુનિટી** ખાતે મહારાષ્ટ્રના એક ગ્રુપ દ્વારા 182 ફૂટ લાંબો અને 11 ફૂટ પહોળો તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.

## 26 જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે શા માટે ઉજવવામાં આવે છે ?

આઝાદી પૂર્વે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. ભારત અને પાકિસ્તાન બંને એક સાથે આઝાદ થયા હતા તેમ છતાં પાકિસ્તાન ઈ.સ. **1956** સુધી **બ્રિટન**ના તાબા હેઠળ રહયું હતું. જ્યારે ભારત અંગ્રેજોના તાબા હેઠળ ન રહયું અને **1949**માં બંધારણની રચના વખતથી જ તેણે પોતાને **'પ્રજાસત્તાક'** જાહેર કરી દીધું હતું.

જોકે આઝાદી બાદ ભારત આંતરિક રીતે સ્વતંત્ર હતું પરંતુ બાહ્યરૂપથી બ્રિટિશ રાજ્યને આધીન હતું. આથી બ્રિટનના તત્કાલિન રાજા જ્યોર્જ છઠ્ઠાના પ્રતિનિધિ તરીકે લોર્ડ માઉન્ટબેટનને સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા હતા. આ સમયે આ ગવર્નર જનરલ જ ભારતનું પ્રતિનિધિત્વ કરતા હતા. આઝાદી બાદ ભારતના બંધારણની રચના કરવામાં આવી. ભારતીય બંધારણના આમુખમાં ભારતને 'પ્રજાસત્તાક' જાહેર કરવામાં આવ્યું. પ્રજાસત્તાક એટલે 'લોકો દ્વારા અને લોકો માટેનું શાસન'. ભારતનું આમુખ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે કે બંધારણ હેઠળ તમામ અધિકૃતતાનો સ્ત્રોત ભારતના લોકો જ છે. અને ભારત પર કોઈ બાહ્ય અધિકૃતતાને અવકાશ નથી.

26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને આ સાથે જ બ્રિટનના રાજા કે સમ્રાટની ભારત પરની કાનૂની કે બંધારણીય અધિકૃતતા સમાપ્ત થઈ ગઈ. ભારત આંતરિક તેમજ બાહ્ય એમ બંને રીતે સ્વતંત્ર થઈ ગયું. ભારતમાં ગવર્નર જનરલના પદનો અંત આવ્યો અને ડો. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા અને ભારત કાનૂની દષ્ટિએ સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' રાષ્ટ્ર બન્યું.

આથી જ દર વર્ષે 26 જાન્યુઆરીનો દિવસ ભારતમાં 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવાય છે.

**નોંધ :** (1) **લોર્ડ માઉન્ટ બેટન સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ** હતા. શ્રી જવાહરલાલ નહેરુને ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકેના શપથ લોર્ડ માઉન્ટ બેટને જ અપાવ્યા હતા.

(2) લોર્ડ માઉન્ટ બેટન બાદ જૂન 1948થી 26 જાન્યુઆરી, 1950 સુધી **શ્રી સી. રાજગોપાલાચારી** ભારતના ગવર્નર જનરલના પદે રહયા હતા. **શ્રી સી. રાજગોપાલાચારી ભારતના અંતિમ (તથા એકમાત્ર ભારતીય) ગવર્નર જનરલ** હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રજાસત્તાક દેશ કોને કહે છે ?

જે દેશના રાષ્ટ્રપ્રમુખ વંશ પરંપરાગત રીતે ન આવતા પ્રત્યક્ષ કે પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાઈને આવે તેવા જ દેશને પ્રજાસત્તાક કહેવાય છે.

## ભારતના બંધારણની રચનાનો સંક્ષિપ્ત ઈતિહાસ

### બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

- ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ 10 ઓગસ્ટ, 1928ના રોજ રજૂ થયેલા નહેરુ રિપોર્ટમાં થયો હતો.
- આથી 'નહેરુ રિપોર્ટ'ને બંધારણની 'બ્લૂપ્રિન્ટ' કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ શ્રી મોતિલાલ નહેરુની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

### બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવીદિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.
- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

### ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહર લાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.
- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવીદિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.
- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહર લાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.
- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

## બંધારણ સભાના કાર્યો

- બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

(1) બંધારણનું નિર્માણ અને (2) દેશ માટે સામાનય કાયદાઓનું ઘડતર

- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાનય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

- એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી અને આ બેકઠમાં જ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

## મુસદ્દા સમિતિ

- ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ સૌથી મહત્ત્વની હતી.
- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા.
- આ સમિતિના અધ્યક્ષ તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

- બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ 166 બેઠકો મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું
  પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949
  બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને
  ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949 ના રોજ પૂરું કર્યું હતું.
- 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધરણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામ ચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના સંપૂર્ણ બંધારણનો અમલ કરવામાં આવ્યો.

**નોંધ :** (1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. 1930ના લાહોર અધિવેશનમાં 26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી 26 જાન્યુઆરીના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં નવેમ્બર 'કાયદા દિવસ' અથવા તો 'બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્ત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ 368 અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 જાન્યુઆરી, 2019 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 103 સુધારાઓ થયા છે.
- તાજેતરમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગને અનામત આપવા માટે 'બંધારણીય (124મા) સુધારા (પ્રસ્તાવ) વિધેયક 2019' દ્વારા ભારતના બંધારણમાં 103મો સુધારો કરવામાં આવ્યો છે.ભારતીય બંધારણમાં અત્યાર સુધી થયેલા 103 સુધારાઓમાંથી પરીક્ષાની દૃષ્ટિએ અત્યંત અગત્યના કેટલાક સુધારાઓ આ પ્રમાણે છે :

## 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્ત્વમાં આવ્યા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને **'મિની કોન્સ્ટીટયુશન'** અથવા તો **'લઘુ બંધારણ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :
  - (1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.
  - (2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.
  - (3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.
  - (4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.
  - (5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.
  - (6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

## 44મો બંધારણીય સુધારો, 1978

42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફક્ત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

### 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

### 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ-21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

### 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ-15માં પરિવર્તન કરવામાં આવ્યું.

### 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

### 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

### 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે તાજેતરમાં આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારત રત્ન 2019

25 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** વર્ષ **2019**ના **ભારત રત્ન એવોર્ડ** વિજેતા મહાનુભાવોની જાહેરાત કરી છે.




- આ અંતર્ગત વર્ષ **2019**માં **કુલ ત્રણ** વ્યક્તિઓને ભારત રત્ન એવોર્ડ એનાયત થયો છે :
  (1) શ્રી પ્રણવ મુખર્જી
  (2) શ્રી નાનાજી દેશમુખ (મરણોપરાંત)
  (3) શ્રી ભૂપેન હજારિકા (મરણોપરાંત)

### શ્રી પ્રણવ મુખર્જી

**શ્રી પ્રણવ મુખર્જી** ભારતના પ્રસિદ્ધ રાજનેતા છે. **પશ્ચિમ બંગાળ**ના **મિરાતી** નામના એક ગામમાં 11 ડિસેમ્બર, 1935ના રોજ તેમનો જન્મ થયો હતો.

- શ્રી પ્રણવ મુખર્જીએ **2012થી 2017** દરમિયાન ભારતના **13મા રાષ્ટ્રપતિ** તરીકે સેવા આપી છે.
- રાષ્ટ્રપતિ બન્યા એ પહેલા શ્રી પ્રણવ મુખર્જી **2009 થી 2012** દરમિયાન ભારતના **નાણામંત્રી** હતા.
- આ ઉપરાંત ભારતના સંરક્ષણ મંત્રી, વિદેશમંત્રી, યોજના આયોગના નાયબ અધ્યક્ષ વગેરે જેવા અનેક મહત્ત્વના પદો પર તેમણે સેવા આપી છે.
- શ્રી પ્રણવ મુખર્જીને આ અગાઉ વર્ષ **2008**માં **પદ્મ વિભૂષણ** પુરસ્કાર એનાયત થયો હતો.

### શ્રી નાનાજી દેશમુખ

શ્રી નાનાજી દેશમુખ ભારતના પ્રસિદ્ધ **સમાજસેવક** હતા. તેમનું પૂરું નામ **શ્રી ચંડિકાદાસ અમૃતરાવ દેશમુખ** છે.

- તેમનો જન્મ 11 ઓક્ટોબર, 1916ના રોજ **મહારાષ્ટ્ર**ના **હિંગોલી** જિલ્લાના **કડોલી** ગામમાં થયો હતો.
- 27 ફેબ્રુઆરી, 2010ના રોજ 93 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.
- શ્રી નાનાજી દેશમુખ અગાઉ **'ભારતીય જનસંઘ'**ના નેતા હતા.
- ભારતમાં **રાજ્યસભાના સભ્ય** તરીકે પણ તેમણે સેવા આપી છે.
- તેમણે **1972**માં **ગ્રામીણ વિકાસ** માટે **'દીનદયાળ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ'**ની સ્થાપના કરી હતી.
- ભારતમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને ગ્રામીણ સ્વાવલંબન ક્ષેત્રે શ્રી નાનાજી દેશમુખનું મહત્ત્વનું યોગદાન છે.
- શ્રી નાનાજી દેશમુખને આ અગાઉ **1999**માં **પદ્મ વિભૂષણ** પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### શ્રી ભૂપેન હજારિકા

શ્રી ભૂપેન હજારિકા ભારતીય પ્લેબેક સિંગર, ગીતકાર, સંગીતકાર, ગાયક, કવિ અને **આસામ**ના ફિલ્મ નિર્માતા હતા.

- તેમને **'Sudhakantha' (સુધાકંઠા)** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમનો જન્મ 8 સપ્ટેમ્બર, 1926ના રોજ **આસામ**ના **સદિયા** ખાતે થયો હતો.
- 5 નવેમ્બર, 2011ના રોજ મહારાષ્ટ્રના **મુંબઈ** ખાતે 85 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.
- મુખ્યત્વે આસામી ભાષામાં લખાયેલા અને ગાયેલા શ્રી ભૂપેન હજારિકાના ગીતોમાં માનવતા અને ભાઈચારાની ભાવના જોવા મળે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- શ્રી ભૂપેન હજારિકાને આ અગાઉ વર્ષ **1977**માં **પદ્મ શ્રી**, **2001**માં **પદ્મ ભૂષણ** અને **2012**માં **પદ્મ વિભૂષણ** પુરસ્કાર એનાયત થયા હતા.
- આ ઉપરાંત તેમને **1992**માં **દાદાસાહેબ ફાળકે** પુરસ્કાર તથા **2008**માં **સંગીત નાટક અકાદમી ફેલોશિપ**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ભારત રત્ન




ભારત રત્ન એ **ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન** પુરસ્કાર છે.

- આ સન્માન **દર વર્ષે વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓને** આપી શકાય છે.
- આ સન્માન માટે ભારતના **વડાપ્રધાન** દ્વારા ભારતના **રાષ્ટ્રપતિ**ને ભલામણ કરવામાં આવે છે.
- ભારતના વડાપ્રધાન આ સન્માન માટે **દર વર્ષે વધુમાં વધુ ત્રણ નામો**ની ભલામણ કરી શકે છે.
- વર્ષ **2019** સુધીમાં કુલ **48** વ્યક્તિઓને આ પુરસ્કાર એનાયત થયો છે.

## ભારત રત્ન અંતર્ગત કેટલી રોકડ ધનરાશી આપવામાં આવે છે ?

ભારત રત્ન સાથે કોઈ નાણાકીય પુરસ્કાર જોડાયેલ નથી. આ પુરસ્કાર અંતર્ગત એકપણ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવતી નથી.

- પણ ભારત રત્ન મેળવનારી વ્યક્તિને **ભારતના પ્રોટોકોલ લિસ્ટમાં** (1) રાષ્ટ્રપતિ (2) ઉપરાષ્ટ્રપતિ (3) વડાપ્રધાન (4) રાજ્યપાલ (5) પૂર્વ રાષ્ટ્રપતિ તથા નાયબ વડાપ્રધાન (6) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને લોકસભાના સ્પીકર બાદ **સાતમા ક્રમે** ગણવામાં આવે છે.
- ભારતના પ્રોટોકોલ લિસ્ટમાં **સાતમા ક્રમે** ભારતરત્ન મેળવનાર વ્યક્તિ ઉપરાંત ભારત સરકારના કેબિનેટ મંત્રી, જે તે રાજ્યના મુખ્યમંત્રી, યોજના આયોગના ઉપાધ્યક્ષ, પૂર્વ વડાપ્રધાન તથા રાજ્ય સભા અને લોકસભાના વિરોધ પક્ષના નેતાનો સમાવેશ થાય છે.
- ભારત રત્ન મેળવનાર વ્યક્તિઓને **રાષ્ટ્રપતિના હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિપત્ર** અને **પીપળાનાં પાનના આકારનું સન્માનચિહ્ન** આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વડે સન્માનિત વ્યક્તિ પોતાના નામ આગળ કોઈ પદવી લખતા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત રત્ન કોને એનાયત થાય છે ?

ભારતમાં રાષ્ટ્રની સેવા બદલ આ પુરસ્કાર એનાયત થાય છે.

- આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અથવા સાર્વજનિક ક્ષેત્રે આપેલી સેવાઓનો સમાવેશ થાય છે.
- **શરૂઆત**માં આ સન્માન ફક્ત **કલા, વિજ્ઞાન, સાહિત્ય અને જાહેરસેવા**ના ક્ષેત્રમાં પ્રદાન કરનારી વ્યક્તિઓને જ આપવામાં આવતું હતું.
- પરંતુ **ડિસેમ્બર, 2011**માં થયેલા સુધારા મુજબ હવે આ પુરસ્કાર વિસ્તૃત રીતે **'કોઈપણ ક્ષેત્રમાં માનવસેવાના પ્રયાસ'** બદલ આપવામાં આવે છે.

## ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ

ભારતમાં **2 જાન્યુઆરી, 1954**ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રાજેન્દ્ર પ્રસાદ** દ્વારા **'ભારત રત્ન'**નો પ્રારંભ થયો હતો.

- ભારતમાં રાષ્ટ્રપતિના જાહેરનામા દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.
- 'ભારત રત્ન' અંગે ભારતના બંધારણમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.
- **1954**માં **સૌપ્રથમ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**, **શ્રી સી. રાજગોપાલાચારી** અને **શ્રી સી. વી. રામન**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- જ્યારે વર્ષ 2019 અગાઉ છેલ્લે વર્ષ **2015**માં **શ્રી મદન મોહન માલવીય** અને **શ્રી અટલ બિહારી વાજપેયી**ને ભારત રત્ન એનાયત થયો હતો.

## ભારત રત્ન પ્રથમ અને અંતિમ

| વર્ષ | વિજેતા |
|---|---|
| 1954 | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, શ્રી સી. રાજગોપાલાચારી અને શ્રી સી. વી. રામન |
| 2015 | શ્રી મદન મોહન માલવીય અને શ્રી અટલ બિહારી વાજપેયી |
| 2019 | શ્રી પ્રણવ મુખર્જી, શ્રી નાનાજી દેશમુખ અને શ્રી ભૂપેન હજારિકા |

## ભારત રત્ન સ્થગિત

અત્યાર સુધીમાં ભારત રત્ન પુરસ્કાર **બે વખત સ્થગિત** કરવામાં આવ્યો છે :

(1) 13 જુલાઈ, 1977થી જાન્યુઆરી 1980 સુધી શ્રી મોરારજીભાઈ દેસાઈ સરકાર દ્વારા અને

(2) 1992 થી 1995 સુધી મધ્યપ્રદેશ અને કેરળ રાજ્યની હાઈકોર્ટમાં આ સન્માનોની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને કારણે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત રત્ન વિજેતા વિદેશી વ્યક્તિઓ

સામાન્ય રીતે આ સન્માન ભારતના નાગરિકને જ આપવામાં આવે છે.

- પરંતુ સૌપ્રથ **1980**માં ભારતની બહાર જન્મેલાં અને પાછળથી ભારતનું નાગરિકત્વ મેળવનાર **મધર ટેરેસા**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- ત્યારબાદ **પાકિસ્તાન**ના નાગરિક **શ્રી ખાન અબ્દુલ ગફાર ખાન**ને **1987**માં અને **દક્ષિણ આફ્રિકા**ના નાગરિક **શ્રી નેલ્સન મંડેલા**ને **1990**માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા મહિલાઓ

વર્ષ 2019 સુધીમાં કુલ **પાંચ** મહિલાઓને 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો છે.

- આ પાંચ મહિલાઓમાં શ્રીમતી ઈન્દિરા ગાંધી, મધર ટેરેસા, શ્રીમતી અરૂણા આસફઅલી, શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મી અને શ્રીમતી લતા મંગેશકરનો સમાવેશ થાય છે.
- જેમાં **સૌપ્રથમ શ્રીમતી ઈન્દિરા ગાંધી**ને **1971**માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા મહિલાઓ

| ક્રમ | વિજેતા | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1971 |
| 2 | મધર ટેરેસા | 1980 |
| 3 | શ્રીમતી અરૂણા આસફઅલી | 1997 |
| 4 | શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મી | 1998 |
| 5 | શ્રીમતી લતા મંગેશકર | 2001 |

## ભારત રત્ન વિજેતા ગુજરાતીઓ

વર્ષ 2019 સુધીમાં **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ** અને **શ્રી મોરારજી રણછોડજી દેસાઈ** એમ ગુજરાતમાં જન્મેલા કુલ **બે ગુજરાતીઓ**ને જ આ પુરસ્કાર એનાયત થયો છે.

- આ બંનેને વર્ષ **1991**માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા ગુજરાતીઓ

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ | 1991 |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | 1991 |

**નોંધ :** ગુજરાતના અમદાવાદ ખાતે સ્થાયી થયેલા **શ્રી ગુલઝારી લાલ નંદાને 1997**માં **'ભારત રત્ન'** એનાયત થયો હતો. પરંતુ તેમનો જન્મ પાકિસ્તાનના **સિયાલકોટ**માં થયો હતો.

## ભારત રત્ન વિજેતા સૌથી નાની તથા મોટી ઉંમરની વ્યક્તિઓ

ભારત રત્ન વિજેતા સૌથી નાની વયના વ્યક્તિ **શ્રી સચિન તેંડુલકર** છે. **શ્રી સચિન તેંડુલકર**ને વર્ષ **2014**માં ફક્ત **40 વર્ષ**ની વયે આ પુરસ્કાર એનાયત થયો હતો.

- જ્યારે ભારત રત્ન વિજેતા સૌથી વડીલ વ્યક્તિ **શ્રી ધોન્ડો કેશવ કર્વે** છે.
- પ્રસિદ્ધ સમાજ સેવક શ્રી ધોન્ડો કેશવ કર્વેને **1958**માં **100 વર્ષ**ની વયે આ પુરસ્કાર એનાયત થયો હતો.

**નોંધ :** (1) વર્ષ 2019 સુધીમાં **કુલ 48** વ્યક્તિઓમાંથી કુલ **14** વ્યક્તિઓને આ પુરસ્કાર **મરણોત્તર** એનાયત થયો છે.

(2) જેમાં સૌપ્રથમ **1966**માં **શ્રી લાલ બહાદુર શાસ્ત્રીને** સૌપ્રથમ વખત આ પુરસ્કાર **મરણોત્તર** એનાયત થયો હતો.

(3) **શ્રી સુભાષચંદ્ર બોઝ**ને **1992**માં **મરણોત્તર** 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો હતો. પરંતુ નેતાજી સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ વિવાદાસ્પદ હોવાથી તેમને એનાયત થયેલા આ એવોર્ડના મરણોપરાંત સ્વરૂપ અંગે પ્રશ્નો સર્જાયા હતા. આથી, ભારત સરકારે આ સન્માન પાછું લઈ લીધું હતું. ભારત સરકાર દ્વારા એનાયત થયેલો ભારત રત્ન પુરસ્કાર પાછો લઈ લેવાનું આ એકમાત્ર ઉદાહરણ છે.

## ભારત રત્ન મેડલની ડિઝાઈન

હાલ એનાયત થતા ભારત રત્ન પુરસ્કારના મેડલમાં **તાંબાના** બનેલા **પિપળના પત્તા** પર **પ્લેટિનમ**નો **ચમકતો સૂર્ય** છે.

- તેની નીચે **દેવનાગિરી લિપી**માં ચાંદીથી **"ભારત રત્ન"** લખેલું હોય છે.
- આ મેડલની બીજી બાજુ પ્લેટિનમનું બનેલું **ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન** અને તેની નીચે **દેવનાગરિગી લિપી**માં **'સત્યમેવ જયતે'** લખાયેલું હોય છે.
- આ અગાઉ પ્રારંભમાં 'ભારત રત્ન' વિજેતા વ્યક્તિને 35 mmનો ગોળાકાર સુવર્ણ ચંદ્રક એનાયત થતો હતો.

## ➤ પદ્મ પુરસ્કાર-2019

વર્ષ 2019ના પદ્મ પુરસ્કાર માટે કુલ 112 મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે. તેમાંથી 4 વ્યક્તિને પદ્મ વિભૂષણ, 14 ને પદ્મ ભૂષણ અને 94 વ્યક્તિઓને પદ્મશ્રી એવોર્ડ એનાયત થશે.

- દર વર્ષે 'પ્રજાસત્તાક દિન' નિમિત્તે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ આ પુરસ્કાર વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવે છે.
- વર્ષ 2019 માટેના પદ્મ પુરસ્કારની યાદીમાં 21 મહિલાઓ તથા 11 ફોરેનર અને 1 ટ્રાન્સજેન્ડર પર્સનનો સમાવેશ થયો છે.
- જેમાં તમિલનાડુમાં જન્મેલા ભરત નાટ્યમ ડાન્સર નર્તકી નટરાજ પદ્મ શ્રી એવોર્ડ વિજેતા પ્રથમ ટ્રાન્સજેન્ડર પર્સન બની ગયા છે.
- જ્યારે આ યાદીમાં ગુજરાતના છ મહાનુભાવો પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી પામ્યા છે.

**પદ્મ પુરસ્કાર**

પદ્મ પુરસ્કારમાં ત્રણ એવોર્ડનો સમાવેશ થાય છે.

(1) પદ્મ વિભૂષણ : કોઈ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન માટે

(2) પદ્મ ભૂષણ : કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ અને ઉલ્લેખનીય યોગદાન માટે

(3) પદ્મશ્રી : જીવનના વિવિધ ક્ષેત્રો સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે

**નોંધ :** ભારતનો સર્વોચ્ચ એવોર્ડ ક્રમ પ્રમાણે આ મુજબ છે :

(1) ભારત રત્ન (2) પદ્મ વિભૂષણ (3) પદ્મ ભૂષણ (4) પદ્મ શ્રી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**પદ્મ વિભૂષણ-2019 વિજેતા મહાનુભાવો**

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | સુશ્રી તીજન બાઈ | કલા–ગાયન | છત્તીસગઢ |
| 2 | શ્રી ઈસ્માઈલ ઉમર ગુલેહ (ફોરેનર) | જાહેર બાબતો | (જીબૂટી) |
| 3 | શ્રી અનિલકુમાર મણિભાઈ નાયક | વ્યાપાર અને ઉદ્યોગ–ઈન્ફાસ્ટ્રક્ચર | મહારાષ્ટ્ર |
| 4 | શ્રી બલવંત મોરેશ્વર પુરંદરે | કલા–અભિનય–થિયેટર | મહારાષ્ટ્ર |

**પદ્મ ભૂષણ 2019 વિજેતા મહિલા**

ભારતના પ્રસિદ્ધ મહિલા પર્વતારોહક સુશ્રી બચેન્દ્રી પાલને રમતગમત ક્ષેત્રમાં વર્ષ 2019નો પદ્મ ભૂષણ એવોર્ડ એનાયત થયો છે.

- સુશ્રી બચેન્દ્રી પાલ વર્ષ 2019માં પદ્મ ભૂષણ એવોર્ડ વિજેતા એક માત્ર મહિલા અને એક માત્ર સ્પોર્ટ્સ પર્સન છે.



## પદ્મ શ્રી-2019 વિજેતા ગુજરાતી મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી જ્યોતિ ભટ્ટ | કલા–ચિત્ર | ગુજરાત |
| 2 | સુશ્રી મુક્તાબેન પંકજકુમાર દાગલી | સામાજિક કાર્ય–દિવ્યાંગ કલ્યાણ | ગુજરાત |
| 3 | શ્રી બિમલ પટેલ | અન્ય–આર્કિટેક્ચર | ગુજરાત |
| 4 | શ્રી જોરાવરસિંહ જાદવ | કલા–નૃત્ય | ગુજરાત |
| 5 | શ્રી અબ્દુલ ગફુર ખત્રી | કલા–ચિત્ર | ગુજરાત |
| 6 | શ્રી વલ્લભભાઈ વસરામભાઈ મારવણિયા | અન્ય–કૃષિ | ગુજરાત |

## પદ્મ શ્રી-2019 વિજેતા રમતવીરો

| ક્રમ | ખેલાડી | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી સુનિલ છેત્રી | ફૂટબોલ | તેલંગાણા |
| 2 | સુશ્રી હરિકા દ્રોણાવલ્લી | ચેસ | આંધ્રપ્રદેશ |
| 3 | શ્રી ગૌતમ ગંભીર | ક્રિકેટ | દિલ્હી |
| 4 | શ્રી શરથ કમલ | ટેબલ ટેનિસ | તમિલનાડુ |
| 5 | સુશ્રી બોમ્બાયલા દેવી લેશરામ | તિરંદાજી | મણિપુર |
| 6 | શ્રી બજરંગ પુનિયા | રેસલિંગ (કુશ્તી) | હરિયાણા |
| 7 | સુશ્રી પ્રશાંતિ સિંહ | બાસ્કેટ બોલ | ઉત્તરપ્રદેશ |
| 8 | શ્રી અજય ઠાકુર | કબડ્ડી | હિમાચલપ્રદેશ |

**નોંધ :** (1) <u>ડો. રવિન્દ્ર કોલ્હે અને ડો. સ્મિતા કોલ્હે</u> નામના <u>મહારાષ્ટ્રના</u> <u>ડોક્ટર દંપતિ</u>ને પણ વર્ષ 2019નો <u>પદ્મ શ્રી</u> પુરસ્કાર એનાયત થયો છે. તેઓ પદ્મ પુરસ્કાર વિજેતા વર્ષ 2019ના એકમાત્ર દંપતિ છે.

(2) આ પુરસ્કાર માર્ચ–એપ્રિલ 2019 દરમિયાન રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારંભમાં રાષ્ટ્રપતિ દ્વારા એનાયત થશે.

(3) દર વર્ષે <u>વધુમાં વધુ 120</u> પદ્મ પુરસ્કાર એનાયત કરી શકાય છે.

(4) 'ભારત રત્ન'ની સાથે <u>પદ્મ પુરસ્કાર</u>નો પ્રારંભ પણ <u>1954</u>થી જ થયો હતો.

ICE Questions

1. તાજેતરમાં 26 જાન્યુઆરી, 2019ના રોજ નવી દિલ્હી ખાતે ભારતના કેટલામા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી ?
(A) 69મા (B) 70મા (C) 71મા (D) 72મા **(B)**

2. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કયા ભારતીય સૈનિકને શહાદત માટે 'અશોકચક્ર' એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા ?
(A) લાન્સ નાયક આદિલ અહમદ (B) લાન્સ નાયક કુલદિપ સિંઘ
(C) લાન્સ નાયક નઝીર અહમદ (D) એક પણ નહીં **(C)**

3. ભારતમાં 70મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે કોને આમંત્રિત કરવામાં આવ્યા હતા ?
(A) જેરી બોલ્સોનારો (B) ઈબ્રાહિમ મોહમદ સોલિહ
(C) અબ્દુલ હામિદ (D) માતામેલા સીરિલ રામાફોસા **(D)**

4. તાજેતરમાં ભારતના 70મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત શ્રી માતામેલા સીરિલ રામાફોસા કયા દેશના રાષ્ટ્રપતિ છે ?
(A) દક્ષિણ આફ્રિકા (B) બ્રાઝિલ (C) માલદિવ્સ (D) બાંગ્લાદેશ **(A)**

5. 70મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાત તરફથી કયા વિષયક ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું ?
(A) સ્ટેચ્યુ ઓફ યુનિટી (B) ઐતિહાસિક દાંડીયાત્રા
(C) જલિયાવાલા બાગ હત્યાકાંડ (D) વાયબ્રન્ટ ગુજરાત **(B)**

6. 70મા પ્રજાસત્તાક દિવસની ગુજરાતની રાજ્યકક્ષાની ઉજવણી કયા જિલ્લામાં કરવામાં આવી હતી ?
(A) સાબરકાંઠા (B) અમદાવાદ (C) સુરત (D) બનાસકાંઠા **(D)**

7. ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ બનાસકાંઠા જિલ્લાના કયા સ્થળેથી રાષ્ટ્રધ્વજ લહેરાવીને પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી હતી ?
(A) સુઈ ગામ (B) નડાબેટ (C) પાલનપુર (D) હિંમતનગર **(C)**

8. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ 2019ના ભારત રત્ન એવોર્ડ વિજેતા મહાનુભાવોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી પ્રણવ મુખર્જી (B) શ્રી અટલ બિહારી વાજપેયી
(C) શ્રી નાનાજી દેશમુખ (D) શ્રી ભૂપેન હજારિકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

9. તાજેતરમાં વર્ષ 2019માં ભારત રત્ન પુરસ્કાર વિજેતા શ્રી નાનાજી દેશમુખ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) સંગીત (B) રાજકારણ (C) અર્થશાસ્ત્ર (D) સમાજ સેવા **(D)**

10. તાજેતરમાં વર્ષ 2019માં ભારત રત્ન પુરસ્કાર વિજેતા શ્રી ભૂપેન હજારિકા કયા નામે ઓળખાય છે ?
(A) મુરલી મનોહર (B) સુધાકંઠા (C) ભારતનું મોતી (D) પૂર્વોત્તરનું મોતી **(B)**

11. નીચેના પૈકી કયા ભારતીય મહાનુભાવને ભારતના તમામ સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન, પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા છે ?
(1) ભૂપેન હજારિકા (2) સત્યજીત રે (3) બિસમિલ્લા ખાન (4) ભીમસેન જોશી
(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3
(C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 તમામ **(D)**

12. ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર ભારત રત્ન દર વર્ષે વધુમાં વધુ કેટલી વ્યક્તિને આપી શકાય છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ **(A)**

13. ભારત રત્ન પુરસ્કાર આપવા માટે ભારતના રાષ્ટ્રપતિને કોના દ્વારા ભલામણ કરવામાં આવે છે ?
(A) એક સમિતિ (B) વડાપ્રધાન
(C) કેબિનેટ (D) ઉપરોક્ત એકપણ નહીં **(B)**

14. વર્ષ 2019 સુધીમાં કુલ કેટલી વ્યક્તિઓને ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો છે ?
(A) 46 (B) 47 (C) 48 (D) 49 **(C)**

15. નીચેનામાંથી કયો વિકલ્પ ભારત રત્ન પુરસ્કારના સન્માન સંદર્ભે ખોટો છે ?
(A) ભારત રત્ન વિજેતાને રૂપિયા 1 કરોડનું રોકડ ઈનામ આપવામાં આવે છે.
(B) ભારત રત્ન મેળવનાર વ્યક્તિને ભારતના પ્રોટોકોલ લિસ્ટમાં સાતમા ક્રમે ગણવામાં આવે છે.
(C) ભારત રત્ન મેળવનાર વ્યક્તિને રાષ્ટ્રપતિના હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.
(D) ભારત રત્ન મેળવનાર વ્યક્તિને પીપળાનાં પાનના આકારનું સન્માનચિહ્ન આપવામાં આવે છે. **(A)**

16. ભારતમાં ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ કયા વર્ષથી થયો છે ?
(A) ઈ.સ. 1950 (B) ઈ.સ. 1952 (C) ઈ.સ. 1954 (D) ઈ.સ. 1956 **(C)**

17. નીચેના પૈકી કયા વિદેશી વ્યક્તિને ભારત રત્ન પુરસ્કાર મળ્યો નથી ?
(A) મધર ટેરેસા (B) શ્રી ખાન અબ્દુલ ગફાર ખાન
(C) શ્રી નેલ્સન મંડેલા (D) લોર્ડ માઉન્ટ બેટન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

18. તાજેતરમાં વર્ષ 2019ના પદ્મ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ?
(A) 94 (B) 101 (C) 109 (D) 112 **(D)**

19. તાજેતરમાં વર્ષ 2019ના પદ્મ પુરસ્કારની યાદીમાં કેટલી મહિલા, કેટલા વિદેશીઓ અને કેટલા ટ્રાન્સજેન્ડરની પસંદગી કરવામાં આવી છે ?
(A) 11, 11, 1 (B) 21, 11, 1 (C) 31, 11, 1 (D) 41, 11, 1 **(B)**

20. વર્ષ 2019માં ગુજરાતના કેટલા મહાનુભાવોને પદ્મ શ્રી એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે ?
(A) ચાર (B) પાંચ (C) છ (D) સાત **(C)**

21. તાજેતરમાં પદ્મ શ્રી એવોર્ડ વિજેતા ભારતના પ્રથમ ટ્રાન્સજેન્ડર કોણ છે ?
(A) કે. પ્રિચિકા યાશિની (B) ગંગા કુમારી (C) શબ્નમ મૌસી (D) નર્તકી નટરાજ **(D)**

22. વર્ષ 2019ના પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા મહિલા કોણ છે ?
(A) સુશ્રી બચેન્દ્રી પાલ (B) સુશ્રી તીજન બાઈ
(C) સુશ્રી મુક્તાબેન દાગલી (D) ઉપરોક્ત તમામ **(B)**

23. ભારતના કયા પ્રસિદ્ધ મહિલા પર્વતારોહકને રમતગમત ક્ષેત્રમાં વર્ષ 2019નો પદ્મ ભૂષણ એવોર્ડ એનાયત થયો છે ?
(A) અરૂણીમા સિન્હા (B) પ્રેમલતા અગ્રવાલ (C) સંતોષ યાદવ (D) બચેન્દ્રી પાલ **(D)**

24. ગુજરાતના વર્ષ 2019ના પદ્મ શ્રી એવોર્ડ વિજેતા અને તેમની સાથે સંકળાયેલ ક્ષેત્રની કઈ જોડ ખોટી છે ?
(A) શ્રી અબ્દુલ ગફુર ખત્રી–ચિત્રકલા (B) શ્રી વલ્લભભાઈ મારવણિયા–કૃષિ
(C) શ્રી જ્યોતિ ભટ્ટ–ચિત્રકલા (D) શ્રી બિમલ પટેલ–અર્થશાસ્ત્રી **(D)**

25. વર્તમાનમાં કયા પ્રસિદ્ધ ક્રિકેટરને વર્ષ 2019નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી ગૌતમ ગંભીર (C) શ્રી મહેન્દ્રસિંહ ધોની (D) શ્રી ચેતેશ્વર પુજારા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ નિરાલી કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ

તાજેતરમાં 19 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ગુજરાતમાં **નવસારી** ખાતે **નિરાલી કેન્સર હોસ્પિટલ**નો શિલાન્યાસ કર્યો છે.

### ➤ ગુજરાતનું અંબાજી મંદિર સુવર્ણશિખર ધરાવતું પ્રથમ શક્તિપીઠ

તાજેતરમાં 25 જાન્યુઆરી, 2019ના રોજ મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **બનાસકાંઠા** જિલ્લાના પવિત્ર તીર્થધામ **અંબાજી મંદિર**ના **સુવર્ણશિખર**નું શાસ્ત્રોક્ત વિધિથી લોકાર્પણ કરાવ્યું છે. આ સાથે જ અંબાજી મંદિર દેશ વિદેશના શક્તિપીઠોમાં સુવર્ણશિખર ધરાવતું **પ્રથમ શક્તિપીઠ** બની ગયું છે. આ મંદિરના 61 ફૂટના શિખરને સુવર્ણમય બનાવવાના પ્રથમ તબક્કાના પ્રોજેકટમાં 140 કિલોગ્રામ સોનાનો ઉપયોગ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

### ➤ રિલાયન્સ રૂ. 10,000 કરોડથી વધુ ત્રિમાસિક નફો નોંધાવતી દેશની પ્રથમ કંપની

તાજેતરમાં ડિસેમ્બર 2018માં પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિક ગાળામાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે રૂ. 10,251 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આ સાથે જ **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂપિયા 10,000 કરોડ**થી વધુ ત્રિમાસિક નફો નોંધાવતી **ભારતની પ્રથમ કંપની** બની ગઈ છે.

### ➤ શ્રી પિયૂષ ગોયલને નાણા મંત્રાલયનો વધારાનો હવાલો

ભારતના રેલવે મંત્રી **શ્રી પિયૂષ ગોયલ**ને **નાણા અને કોર્પોરેટ બાબતો**ના મંત્રાલયનો **વધારાનો હવાલો** સોંપાયો છે. આથી, શ્રી પિયૂષ ગોયલ જ 1 ફેબ્રુઆરી 2019ના રોજ વચગાળાનું બજેટ રજૂ કરશે. આ મંત્રાલયનો હવાલો સંભાળી રહેલા શ્રી અરૂણ જેટલી હાલ વિદેશમાં સારવાર હેઠળ હોવાથી આ નિર્ણય લેવાયો છે.

### ➤ ટોચના ચાર દેશો સામે સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા

23 જાન્યુઆરી, 2019ના રોજ પ્રસિદ્ધ ભારતીય મહિલા ક્રિકેટર **સ્મૃતિ માંધાના**એ **ન્યુઝીલેન્ડ** સામેની પ્રથમ વન-ડેમાં **105** રન ફટકાર્યા હતા. આ સાથે જ **સ્મૃતિ માંધાના** ટોચના ચાર દેશો (ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ) સામે સદી ફટકારનાર **પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર** બની ગયા છે.

## ➤ ત્રિપુરા, મણિપુર અને મેઘાલયના રાજ્યત્વ દિવસની ઉજવણી

તાજેતરમાં 21 જાન્યુઆરી, 2019ના રોજ ત્રિપુરા મણિપુર અને મેઘાલયના 47મા રાજ્યત્વ દિવસની ઉજવણી કરવામાં આવી છે. ત્રિપુરા, મણિપુર અને મેઘાલયને 21 જાન્યુઆરી, 1972ના રોજ પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આથી દર વર્ષે 21 જાન્યુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## ➤ 'સી વિજિલ 2019' અભ્યાસ

ભારતીય નૌસેના દ્વારા તાજેતરમાં 22-23 જાન્યુઆરી 2019ના રોજ ભારતીય બોર્ડર સિક્યુરિટી ફોર્સ સાથે મળીને બોર્ડર સુરક્ષા અંગે 'સી વિજિલ 2019' નામથી એક અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ 26/11 જેવા હુમલાઓને રોકવા માટે સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાનો હતો.

## ➤ ભારતના વિકાસદરનો IMFનો અંદાજ

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના તાજેતરના વર્ષ 2019ના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો વિકાસદર 7.5 ટકા રહેવાની શકયતા છે. જ્યારે વર્ષ 2020-21માં તે વધીને 7.7 ટકા થવાની સંભાવના છે.

# વિશ્વ

## ➤ પેલેસ્ટાઈન G-77નું અધ્યક્ષ બન્યું

તાજેતરમાં પેલેસ્ટાઈન (અથવા તો ફિલિસ્તીન) G-77 ગ્રૂપનું અધ્યક્ષ બની ગયું છે. આ અગાઉ ઈજિપ્ત G-77 ગ્રૂપનું અધ્યક્ષ હતું. G-77 સંયુક્ત રાષ્ટ્રનું એક ગ્રૂપ છે. ભારત સહિત 134 વિકાસશીલ દેશો આ ગ્રૂપના સભ્ય છે. આ ગ્રૂપની સ્થાપના 15 જૂન, 1964ના રોજ થઈ હતી.

## ➤ ગીનીઝ બુક દ્વારા જાહેર કરાયેલા વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિનું 113 વર્ષની વયે નિધન

તાજેતરમાં વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ જાપાનના શ્રી માસાઝો નોનાકાનું 113 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ 1905માં થયો હતો. સ્પેનના શ્રી ફ્રાન્સિસ્કો નુનેઝના નિધન બાદ ગીનીઝ બુક ઓફ રેકોર્ડ દ્વારા જાપાનના શ્રી માસાઝો નોનાકાને વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ જાહેર કરવામાં આવ્યા હતા. જાપાનના લોકો સૌથી લાંબુ આયુષ્ય ધરાવે છે. આથી જાપાનમાં એવા અનેક લોકો છે કે જેઓ વિશ્વમાં સૌથી વૃદ્ધ વ્યક્તિ હોવાનો દાવો કરે છે.

## ➤ 49th WEF Summit 2019

22 થી 25 જાન્યુઆરી, 2019 દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની 49મી વાર્ષિક સમિટનું આયોજન થયું હતું. આ સમિટની થીમ 'Globlization 4.0 : Shaping a Global Architecture in the Age of the Fourth Industrial Revolution' હતી.

## ➤ નેપાળમાં 100 રૂ. થી વધુ કિંમતની ભારતીય નોટો પર પ્રતિબંધ

તાજેતરમાં નેપાળની સેન્ટ્રલ બેંક 'નેપાળ રાષ્ટ્ર બેંકે' નેપાળમાં રૂ. 100થી વધુ કિંમતની ભારતની ચલણી નોટો પર પ્રતિબંધ મૂકી દીધો છે. આથી હવે નેપાળમાં રૂ. 200, 500 તથા 2000ની કિંમતની ભારતની ચલણી નોટોનો ઉપયોગ થઈ શકશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.